Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

442

આ સભાના માનવંતા પેટ્રન—



શેઠ સાહેબ પદમશીભાઈ પ્રેમજીભાઈ ઝવેરી

કચ્છ-સુંદ્રાવાળા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આ સભાના નવા થયેલા માનવંતા પેટ્રન સાહેબ

કચ્છ પ્રાંતના જૈન ભાઈઓ પરંપરાથી વેપારમાં કુશળ અને સાહસિક ગણાય છે તેમ દાનવીર અને ઉદાર તરીકે પણ સુપ્રસિદ્ધ છે. તે જ કચ્છ પ્રાંતના મુંદ્રા શહેરના વતની શેઠશ્રી પદમશીભાઈ પ્રેમજીભાઈ ઝવેરી છે, જેઓનો જન્મ સં. ૧૯૫૨ ના ફાગણ સુદિ ૫ ના રોજ થયો છે. તેઓશ્રી કચ્છી ગુર્જર ઓસવાળ જૈન દહેરાવાસી તપગચ્છના છે.

તેઓશ્રી પ્રાથમિક જ્ઞાન લઈ માત્ર પંદર વરસની ઉંમરે મુંબઇમાં નોકરી કરવા લાગ્યા. ફક્ત પાંચ જ વરસ નોકરી કરી. સં. ૧૯૭૩ ના વરસે પોતે પોતાનો ધંધો કરવાનું સાહસ ખેડયું.

શેઠશ્રીનો મુખ્ય ધંધો લોખંડ છડભારી અને કંતાન બારદાનનો છે. તેઓશ્રી પોતાની કાર્યકુશળતા અને સાહસથી ખૂબ જ આગળ વધ્યા છે. તેઓશ્રીનો વેપાર મુંબઇ, જાલના, બોટાદ, ચુડા, ભાવનગર, બીયાવર અને પાલીયાદ વગેરે સ્થળે છે, અને તેઓશ્રીની કૉટન જિનીંગ ફૅક્ટરીઓ પણ છે, જેમાં વ્યવસ્થાશક્તિ અને બુદ્ધિવડે સારી લક્ષ્મી સંપાદન કરી છે, તેટલું જ નહિં પણ તે લક્ષ્મીનો આત્મકલ્યાણના માર્ગે સદ્વ્યય પણ કરે છે. સમાજના કોઈ પણ કાર્યોમાં તેમની સખાવત હોય જ છે.

શેઠશ્રી પદમશીભાઈ સાદા, સરલ હૃદયી, દેવગુરુધર્મના ઉપાસક, સદ્ગુણસંપન્ન, નિરભિમાની તેમજ વ્યવસ્થાશક્તિ ધરાવનાર છે. તેઓશ્રી કચ્છ–મુંદ્રામાં ચાલતી શ્રીમદ્ હંસવિજયજી જૈન લાયબ્રેરીના પ્રમુખ છે, અને શ્રી કચ્છી ગુર્જર વીશાશ્રીમાળી ઓસવાળ જ્ઞાતિના મુંબઇ મધ્યે એક અગ્રગણ્ય છે. તેઓશ્રી તરફથી તેઓના વડીલ માતુશ્રી (દાદીમા) જેની ઉંમર હાલ ૯૦ વરસની છે, તેઓના નામથી પચ્છેગામ ( કાઠિયાવાડ ) મધ્યે જૈન પાઠશાળા ચાલે છે. શ્રી પદમશીભાઈના દાદીમાની આટલી મોટી ઉંમરે પણ પોતાની ધાર્મિક પ્રવૃત્તિઓ નિરંતર ચાલુ છે અને પોતાના કુટુંબમાં ધાર્મિક ભાવના કેમ જાગૃત રહે તે માટેનો ઉપદેશામૃત સદૈવ સીંચ્યા કરે છે. આવા ધાર્મિકવૃત્તિવાળા દાદીમાનો અમૂલ્ય વારસો લીધેલ હોઇ ભાઈશ્રી પદમશીભાઈ શ્રાવકકુળભૂષણ પુરુષ કહેવાય છે. આવા લાખોપતિ હોવા છતાં તેમના સરલ સ્વભાવ, નિરભિમાનીપણું, ઉચ્ચ રહેણીકરણી અને સાદાઈ જેવા ગુણો અનુકરણીય છે. કીર્તિદાન કરતાં સ્વામીભાઈઓને ગુપ્તદાનદ્વારા સહાય કરવાનું વધારે પસંદ કરે છે.

આવા ઉદારદિલ સદ્ગૃહસ્થે આ સભાની સુંદર કાર્યવાહીથી આકર્ષાઇ આ સભાના પેટ્રન( મુરબ્બી )પદનો સ્વીકાર કર્યો છે, તે જણાવતાં અમોને આનંદ થાય છે. તેઓ દીર્ઘાયુ થઇ જ્ઞાનોદ્ધારના કાર્યો કરે તેમ આ સભા પરમાત્માની પ્રાર્થના કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક : ૪૦ મું : આત્મ સં. ૪૭ વિક્રમ સં. ૧૯૯૯ : ચૈત્ર :
અંક : ૯ મો : વીર સં. ૨૪૬૯ ઈ. સ. ૧૯૪૩ : એપ્રીલ :

## ઔપદેશિક પદ

( રાગઃ દૂર દેશ કે રહેનેવાલે... )

ચાર દિન કે રહેનેવાલા, માયા તુજે ભૂલાયે;
મન કો યે બેહોશ બનાકર, સત્ય કા ભેદ છીપાયે. ચાર૦

લક્ષ્મી બતાકર બોલે મીઠી બોલી,
આઓ મુસાફિર ભર લો અપની ઝોલી;
દુનિયા શિર ઝુકાયે. ચાર૦

દેખો જુઠા ખેલ વો દીખા રહી હય,
દીખા કે તુમ કો ફસા રહી હય;
તું ના કહીં ફસ જાયે. ચાર૦

જીસને જિનભક્તિ મેં સદા મન જોડ દીયા,
માયા કા સબ સાજ સોચ કર છોડ દીયા;
ઉસને દુઃખ ન આયે. ચાર૦

વહ જીવન કો હાર ગયા બેહોશ હુવા,
યશોભદ્ર જીતેગા જીસ મેં હોશ હુવા;
સુખ પાયે તર જાયે, સુખ પાયે તર જાયે. ચાર૦

—મુનિશ્રી યશોભદ્રવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઓ માનવી! આ સમયમાં શુભ કામ કૈં કરતો જજે.

હરિગીત છંદ

દા લાગીયો દુનિયા વિષે, સળગી ઊઠ્યો સંસાર આ,
તેમાંથી તારા જન્મનું સાફલ્ય કૈં કરતો જ જા;
છે કારમી કુદરત કૃતિ, ત્યાં સારગ્રાહક તું થજે,
ઓ માનવી! આ સમયમાં શુભ કામ કૈં કરતો જજે. ૧

પૈસો મળ્યો, પદ્ની મળી, સમૃદ્ધ-સંપત્તિ મળી,
તેમાં રખે તું રાચતો, ગર્વે જતો ના તું ગળી;
એ સર્વ ક્ષણભંગુર છે, દૃષ્ટિ ઊંડીથી દેખજે,
ઓ માનવી! આ સમયમાં કૈં કામ શુભ કરતો જજે. ૨

તું દેખ ગરીબોની દશા, ભૂખ્યાં બિચારાં ટળવળે,
એ પેટ-ખાડો પૂરવા, અન્ન અર્પજે આત્મિક બળે;
એ સૌ પ્રભુના બાળને, તું ભ્રાતૃભાવે ભાળજે,
ઓ માનવી! આ પૃથ્વીમાં, પ્રખ્યાત પરમાર્થે થજે. ૩

તું શું કમાયો? તે જરૂર, ઝીણી નજરથી ન્યાળજે,
ગુણીમાં ગણાવા આપદાઓ ગરીબ જનની ટાળજે;
બત્રીસ ભોજનમાં નથી, ચિરસ્વાદ એ સંભાળજે,
ઓ માનવી! પરમાર્થ કેરો સ્વાદ કૈં ચાખી જજે. ૪

દુઃખીયા તણા દિલમાં પ્રવેશી, દર્દ દુઃખો દેખજે,
પામર જનોની પીડને, અંતર વસી તું પેખજે;
ક્ષુધાર્થિની ક્ષુધા હરી, આશીષ અમૃત ચાખજે,
ઓ માનવી! રંકો પ્રતિ તું, વિમલ વાણી ભાખજે. ૫

તારા હૃદયના મંદિરે, પ્રભુને સદા પધરાવજે,
તારા અને તુજ સંગીઓના, દોષ સૌ સુધરાવજે;
વારિ ઉલેચે વીરડામાં, નવીન જળ તું નીર્ખજે,
ઓ માનવી! આ સમયમાં શુભ કામ કરીને હર્ખજે. ૬

ભાવનગર-વડવા.

લી. વૃદ્ધ ધર્મોપદેશક,
**કવિ રેવાશંકર વાલજી બધેકા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# —: ભગવાન મહાવીર :—

રચયિતા : **મુનિશ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ, વરસોડા.**

વસંતતિલકા—

સંસારમાં પ્રબળ હિંસક રાજ્ય વ્યાપ્યું,
સર્વત્ર નિર્દય જને નિજ જોમ સ્થાપ્યું;
ને ધર્મનામ પર કૈંક બલિ ચઢંત.
સ્વાર્થી જનો વિષમ દુષ્પથમાં વહંત. ૧

ત્રાસી ઊઠી દશ દિશા અતિ આર્ત્તનાદે,
હિંસા હસે ગરજતી તહીં અટ્ટહાસે;
યજ્ઞાદિ કર્મ પણ હિંસક તત્ત્વપૂર્ણ,
દાનાદિ ધર્મ પણ ત્યાં બનતો વિશીર્ણ. ૨

એ આર્ત્તનાદ સુણી એક સુદિવ્ય આત્મા,
સંહારવા સકલ દુર્નયને પરાત્મા;
જન્મે સુદેવ **ત્રિશલાની** સુપુણ્ય કુંખે,
દેવો સવિસ્મય બની પ્રભુજન્મ દેખે. ૩

દેવાદિના હૃદયમાં અભિરામ મોદ,
આંદોલનો જનમતાં, નવલા પ્રમોદ;
ને ત્યાં વસંત મધુરી અતિશે મહેકે,
તે દિવ્યતા ભરિત આત્મતણા સુજન્મે. ૪

તત્ત્વાનુભૂત વિષયોની ન તુચ્છ વાંચ્છા,
સમ્રાટના સુત છતાં નવ ભોગ ઇચ્છા;
વૈરાગ્યના પરમમાર્ગ તણી સમીહા,
જાગી અહો ! વિષય શત્રુતણી જિગીષા. ૫

ઇન્દ્રે ભર્યા નૃપતણા ધનથી અતિશે,
ભંડાર સર્વ યુવરાજ સુદાન દીયે;
દારિદ્રય તો ભરતભૂમિ વિષે રહ્યું ના,
સર્વત્ર દાન પસર્યાં યુવરાજ દીધાં. ૬

એ વર્ષીદાન મહિમા કવિઓ વખાણે,
સામ્રાજ્યના નૃપતિઓ સહુ એ પ્રમાણે;
ને ત્યારબાદ યુવરાજ તજે સ્વરાજ્ય,
ભાવે ભજે વિમલ સંયમનું સુરાજ્ય. ૭

અજ્ઞાનતા તમસ્ દૂર થઈ ગયા ને,
આત્મા વિષે પરમ કેવલજ્ઞાન જાગે;
ત્રૈલોકયમાં સરિત દો ઉપદેશ ભીની,
હિંસા તજી મનુજ થાય સ્વધર્મરાગી. ૮

વિદ્યાધરાદિ સહુ દેવગણો ય આવે,
વર્ષાવતા કુસુમવૃષ્ટિ સહર્ષ નાદે;
નાચી રહી વિવિધ લાસ્ય સુનૃત્ય ત્યાંહીં,
શી કિન્નરી મધુર મૂર્છન ગ્રામ ગાતી. ૯

ને માલકોષ ધરી મૂર્ત્તસ્વરૂપ દિવ્ય,
છેડી રહ્યો વિમલ રાગિની સર્વ ભવ્ય;
તત્ત્વો નવા અનુભવે જગ તે ક્ષણે ને,
આનંદમંગળ સરે સહુ ગીત સાથે. ૧૦

ઉદ્ધારિયા પ્રભુવરે શુભ જ્ઞાન આપી,
આત્મા ઘણા કુમતિવેલ પ્રદુષ્ટ કાપી;
સંસારમાં પસરી પ્રેમભરી અહિંસા,
દેખાય ના જગતમાં વસમી પ્રહિંસા. ૧૧

અનુષ્ટુપ્—

જગદુદ્ધારના કર્ત્તા **મહાવીર** પ્રભુતણી,
ઊજવાયે સદા આંહી જયંતી હર્ષથી ભરી. ૧૨

સંસારના બધા ભાગે ફરકે વિજયધ્વજા,
મહાવીરતણી શ્રેષ્ઠ અહિંસા પસરે સદા. ૧૩

માલિની—

પ્રભુવર સુગુણીના જ્ઞાનચારિત્ર્ય વાંચી,
બુધજન સહુ વ્હેજો જ્ઞાનપંથે વિરાગી;
**અજીત** ચરણસેવામાં સદા મગ્ન રાચે,
પ્રભુવર સુગુણો સૌ નિત્ય **હેમેન્દ્ર** ગાયે. ૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યક્ત્વ મીમાંસા

લેખક: **આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ**

ઇંદ્રિયોના વિષયમાં આસક્તિ ધરાવનાર સંસારવાસી જીવોને કષાય તથા નોકષાયની અત્યંત આવશ્યકતા રહે છે અર્થાત્ રાગદ્વેષ વગર પૌદ્ગલિક વસ્તુમાં આસક્તિ ટકી શકતી નથી. અત્યંત આસક્તિને ધારણ કરનારા જીવો અનુકૂળ પૌદ્ગલિક વસ્તુના સંયોગને ઇચ્છનારા અને પ્રતિકૂળ સંયોગને ત્યાગનારા હોય છે. સ્વર્ગની વાતો સાંભળીને રાજી થાય છે, નારકીના દુઃખો સાંભળીને દિલગીર થાય છે માટે તેઓ સ્વર્ગને પસંદ કરે છે પણ નારકીને પસંદ કરતા નથી. સ્વર્ગના સુખો મેળવવાને પૌદ્ગલિક વસ્તુઓનો ત્યાગ કરવામાં આવે છે, પણ તેથી કાંઇ આત્માને લાભ મળી શકતો નથી; કારણ કે તે ત્યાગ આસક્તિ ગર્ભિત હોય છે. આસક્તિ ટળ્યા વગરના ત્યાગથી શારીરિક સુખ પ્રાપ્ત થાય છે કે જેનો અનુભવ શરીરમાં જ થઇ શકે છે પણ આત્મિક સુખ પ્રાપ્ત થતું નથી. જેમ વ્યાધિગ્રસ્ત માનવી કુપથ્યનો ત્યાગ કરે છે કે જેથી તેને શારીરિક આરોગ્યતા પ્રાપ્ત થાય છે, તેવી જ રીતે પ્રતિકૂળ પૌદ્ગલિક વસ્તુના સંસર્ગથી દુઃખી થનાર તેનો ત્યાગ કરીને ભવાંતરમાં અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓ મેળવીને સુખી થાય છે.

શરીરદ્વારા મેળવેલા સુખમાં આનંદ માની તલ્લીન થવું તે આસક્તિ કહેવાય છે. આવી આસક્તિવાળો જીવ સાચું સુખ મેળવવાનો અધિકારી હોઇ શકતો નથી; કારણ કે તે દુઃખને સુખ માનવાથી અજ્ઞાનદશામાં પડેલો હોય છે, કે જેને મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે. જ્યાં સુધી સાચી દૃષ્ટિ થાય નહિ ત્યાં સુધી સાચું જણાય નહિ અને સાચું જાણ્યા વગર સાચી વસ્તુ મેળવી શકાય નહિ. પોતાને સાચી રીતે ઓળખનાર સાચા સુખને ઓળખી શકે છે જેને સમ્યગ્જ્ઞાની કહેવામાં આવે છે; કારણ કે તેને દેહ અને આત્માની ભિન્નતા સારી રીતે સમજાય છે કે જેથી કરી તેની પૌદ્ગલિક આસક્તિ ટળી જાય છે.

જેઓ અનાસક્ત હોય છે તેઓ સ્વર્ગનાં સુખ સાંભળી રાજી થતા નથી અને નરકનાં દુઃખ સાંભળી દિલગીર થતા નથી. તેમને સ્વર્ગ મળે તો ય આનંદ છે અને નરક મળે તો ય આનંદ છે, કારણ કે તેઓ જાણે છે કે પુણ્ય અને પાપ બન્નેનો ક્ષય કર્યા વગર આત્મવિકાસ થઇ શકતો નથી કે જેમાં શાશ્વતા સુખ, શાંતિ અને આનંદ રહેલાં છે. તેઓ જાણે છે કે અનેક અપરાધો કરીને ઉપાર્જન કરેલા પાપ, દુઃખ ભોગવ્યા વગર ક્ષય થવાના નથી. તે તીવ્ર પાપોનો ક્ષય કરવા નરક જેવા સ્થાનો પ્રાપ્ત થાય તો તેમાં મને લાભ જ છે અને તીવ્ર પુન્યકર્મનો ક્ષય કરવા દેવગતિ જેવા સ્થાનો પ્રાપ્ત થાય તો પણ મને લાભ જ છે એમ માને છે. આ પ્રમાણે સમભાવે રહીને પુન્ય-પાપના સુખદુઃખરૂપ ફળને ભોગવી લેવાથી આત્માની ઉન્નતિ સાધી શકે છે. જેઓ માઠી ગતિમાં જવાના ભયથી પૌદ્ગલિક વસ્તુઓનો ત્યાગ કરીને સ્વર્ગીય સુખો મેળવવા પ્રયાસ કરે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે તેમની પૌદ્ગલિક આસક્તિ સ્પષ્ટ સૂચવે છે. આવા જીવોમાં સમ્યગ્જ્ઞાનનો અંશ પણ હોતો નથી માટે તે મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. વસ્તુ સ્વસ્વરૂપે ન ઓળખાતા પરરૂપે ઓળખાય ત્યાં સુધી સ્વસ્વરૂપ ઓળખી શકાતું નથી અને સ્વસ્વરૂપ ન ઓળખાય ત્યાં સુધી આસક્તિ ટળી શકતી નથી. પૌદ્ગલિક વસ્તુઓ ઉપરથી આસક્તિ ટાળવી તે જ સાચો ત્યાગ કહી શકાય છે; બાકી તો કેવળ વસ્તુ છોડવા માત્રનું નામ ત્યાગ નથી. આસક્તિ રાખીને માત્ર વસ્તુ છોડવાનું નામ જો ત્યાગ હોય તો પછી લંગોટી વાળીને ગલીઓમાં ભીખ માગનારાઓ પણ ત્યાગી કેમ ન કહી શકાય ?

અધ્યવસાયની વિશુદ્ધિ માટે બહારથી ત્યાગ કરવામાં આવે છે અને તે વિશુદ્ધિ અનાસક્તિને કહેવામાં આવે છે; માટે જો અનાસક્તિ પ્રગટ ન થાય તો અધ્યવસાયની વિશુદ્ધિ થઇ કહેવાય નહિ; જેથી કરી બાહ્ય ત્યાગ નિષ્ફળ જાય છે.

આસક્તિ ચીકાશ છે અને તે ચીકણા કપડાને ધૂળ ચોંટે તેમ આત્માની સાથે કર્મના પુદ્ગલો ચોંટાડનારી છે. જો કે આસક્તિ રાગનું અંગ છે, દ્વેષનું અંગ નથી; છતાં દ્વેષને ઉત્પન્ન કરનારી છે. જેમ કે એક મનગમતી વસ્તુ ઉપર રાગ થાય છે પણ જ્યારે તે વસ્તુ કોઈ પણ પ્રકારનો દોષ ઉત્પન્ન કરે છે ત્યારે તે વસ્તુ ઉપર દ્વેષ ઉત્પન્ન થાય છે અથવા તો એક વસ્તુ ઉપર રાગ હોય છે ત્યારે તેનાથી વિરોધી વસ્તુ ઉપર દ્વેષ હોય છે. અણગમતી વસ્તુ ઉપર અનાસક્તિ જેવું જણાય છે, છતાં તે પણ એક પ્રકારની આસક્તિ છે. વ્યવહારમાં જે વસ્તુ ઉપર અત્યંત રાગ હોય છે તેને આસક્તિ કહેવામાં આવે છે, પણ જે વસ્તુ ઉપર દ્વેષ હોય છે તેને આસક્તિ કહેવામાં આવતી નથી, તેથી કાંઇ તેના ઉપર અનાસક્તિભાવ છે એમ કહી શકાય નહિ પણ રાગસ્વરૂપ આસક્તિથી એક ભિન્ન પ્રકારની આસક્તિ કહી શકાય. જે વસ્તુ પર અત્યંત દ્વેષ હોય છે તેનો વિનાશ કરવામાં હમેશાં લીન રહેવું અને જે વસ્તુ પર અત્યંત રાગ હોય તેનો ઉપભોગ કરવામાં હમેશાં લીન રહેવું અર્થાત્ કોઇ પણ વસ્તુમાં કોઈ પણ પ્રકારે લીન થવું તેને આસક્તિ કહેવામાં આવે છે. આ આસક્તિ જડ તથા જડના વિકારોને આશ્રયીને થાય છે અને તે મોહના ઉદય સ્વરૂપ છે.

અનુકૂળ પૌદ્ગલિક વસ્તુઓ મેળવવાની તીવ્ર અભિલાષા કે જે પૌદ્ગલિક વસ્તુઓ મળવા છતાં પણ વધુ મેળવવાની આકાંક્ષા રહેવી તેને લોભ કહેવામાં આવે છે. આ લોભ અનેક પ્રકારનો હોય છે અને તે સઘળો યે પૌદ્ગલિક વસ્તુઓ સંબંધી હોય છે. લોભ જ્યાં હોય છે ત્યાં માયા અવશ્ય રહેલી હોય છે; કારણ કે માયા અને લોભમાં નામમાત્રનો જ ફરક છે અને તેથી કરીને બન્નેને રાગ કહેવામાં આવે છે. માયાના અનેક અર્થ થાય છે: સ્નેહ-મમતાને માયા કહેવામાં આવે છે અને પ્રપંચ-કપટને પણ માયા કહેવામાં આવે છે. વૈષયિક વસ્તુને મેળવીને તેનો ઉપભોગ કરવા છતાં પણ અતૃપ્ત રહીને વધુને વધુ તેને મેળવવાની આંકાક્ષા પૂરી કરવાને માટે જે પ્રયાસ કરવામાં આવે છે તેને માયા કહેવામાં આવે છે કે જે એક મમતા-સ્વરૂપ છે અથવા તો વૈષયિક વસ્તુઓ સરળતાથી પ્રાપ્ત ન થાય તો તેને મેળવવા મનના વિચારોથી કાયિક તથા વાચિક પ્રવૃત્તિને ભિન્નપણે દર્શાવવી તે પણ માયા કહેવાય છે, કે જે એક પ્રપંચ-સ્વરૂપ હોય છે. આ બધી યે પ્રવૃત્તિઓ રાગને લઇને થાય છે કે જેને આસકિત કહેવામાં આવે છે. પૌદ્ગલિક સંપત્તિમાં મમતાને લઇને સ્વામીપણાની બુદ્ધિથી મિથ્યાભિનિવેષ થવો તે માન કહેવાય છે. આ માન પરપૌદ્ગલિક વસ્તુને આશ્રયીને થાય છે માટે તેને મિથ્યા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભિમાન પણ કહેવામાં આવે છે. તેને સ્પષ્ટપણે પ્રગટ કરનાર કાયિક તથા વાચિક ચેષ્ટાઓને ક્રોધ કહેવામાં આવે છે અર્થાત્ ક્રોધ અને માનમાં નામ માત્રનો ભેદ છે અને તે બન્ને દ્વેષની કોટીમાં ગણાય છે કે જે એક પ્રકારની આસક્તિ છે; કારણ કે પૌદ્ગલિક વસ્તુમાં આસક્તિ વગર અભિમાન આવી શકતું નથી; માટે જ રાગદ્વેષ આસક્તિનાં અંગ છે અને તે જ્યાં સુધી હોય છે ત્યાં સુધી સમ્યક્ત્વ પ્રાપ્ત થઇ શકતું નથી અર્થાત્ તેને સમ્યગ્જ્ઞાન કહી શકાતું નથી. જ્યારે પૌદ્ગલિક વસ્તુમાંથી આસક્તિ દૂર થઇને અનાસક્તિભાવ પ્રગટ થાય છે ત્યારે રાગદ્વેષ ઉપશમી જાય છે; જેથી કરીને વસ્તુના યથાર્થ સ્વરૂપનું ભાન થાય છે, જેને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે.

જ્યાં સુધી આસક્તિભાવ છે ત્યાં સુધી વિકાસની શરુઆત થઇ શકતી નથી પણ વિલાસપ્રિય બનીને જીવ આત્મિક ગુણોનો વિનાશ કરે છે; કારણ કે અનાદિકાળના પૌદ્ગલિક સંસર્ગને લઇને કુવાસનાઓથી વિપરીત શ્રદ્ધાવાળો હોવાથી ગુણમાં દોષ અને દોષમાં ગુણ જુએ છે. ઇંદ્રિયોના વિષયો કે જે આત્માને એકાંતે નુકસાન કરનાર છે અને કેવળ દોષસ્વરૂપ છે તેમાં પોતે ગુણ જુએ છે અને કષાય તથા વિષયની વિરતિસ્વરૂપ સમભાવ કે જે એક ગુણ છે તેમાં પોતે દોષ જુએ છે. આવી વિપરીત શ્રદ્ધારૂપ અજ્ઞાનતાને લઇને કર્મની પરાધીનતામાંથી છૂટી શકતો નથી અને જન્મ, જરા, મરણ, આધિ, વ્યાધિરૂપ સંસારમાં ભમ્યા કરે છે. જે ભવમાં ઉત્પન્ન થાય છે ત્યાં જ આનંદ માની પોતાનું જીવન પૂરું કરે છે. જ્યાં સુધી જીવને જડના વર્ણાદિ ધર્મમાં સારાનરસાપણું રહે છે ત્યાં સુધી તેને જડને આધીન રહેવું પડે છે. પૌદ્ગલિક વિષયોમાં આસક્તિ ધારણ કરનારને વારંવાર જન્મમરણ કરવાં પડે છે. જ્યાં સુધી પુદ્ગલાનંદીપણાની વાસના હોય છે ત્યાં સુધી આત્માનંદીપણું પ્રાપ્ત થતું નથી, અને આત્માનંદીપણું પ્રાપ્ત થયા વગર આત્મિક સંપત્તિ પ્રાપ્ત થઇ શકતી નથી. આત્મિક સંપત્તિના અભાવે સમ્યગ્જ્ઞાનની દરિદ્રતા દૂર થઇ શકતી નથી. સ્ત્રી, પુત્ર, ધન, બાગ, બંગલા આદિ વૈષયિક સંપત્તિના મદમાં અંધ બનેલા આત્મા તુચ્છ-ક્ષણિક-અસાર એવા પૌદ્ગલિક સુખમાં આનંદ માની સંતોષ ધારણ કરનારા હોય છે; જેથી તેઓ શાશ્વતું સુખ મેળવવા જરા યે પ્રયાસ કરતા નથી; કારણ કે તેથી તેઓ સર્વથા અજ્ઞાત હોય છે. કદાચ કોઇ તેમને શાશ્વતા સુખનું સ્વરૂપ જણાવી તે મેળવવા ઉદ્યમ કરવા કહે તો તે તેમને બિલકુલ રુચતું નથી; કારણ કે તેમને શાશ્વતા સાચા સુખની શ્રદ્ધા જ હોતી નથી. દર્શન મોહનીયને લઇને તેઓની એવી જ દૃઢ શ્રદ્ધા થઇ ગયેલી હોય છે કે પૌદ્ગલિક વિષયોના ઉપભોગ વગર સુખ જેવી કોઇ વસ્તુ નથી. આવી માન્યતાથી તેઓ નિરંતર પૌદ્ગલિક વિષયોને મેળવવાના પ્રયાસવાળા હોય છે. જ્યાં સુધી અનુકૂળ પૌદ્ગલિક વિષયોનો સંયોગ ઇંદ્રિયોની સાથે રહે છે ત્યાં સુધી તેઓ આનંદ તથા સુખ માને છે. જ્યારે તેનો વિયોગ થાય છે ત્યારે આનંદ તથા સુખનો અંશ પણ રહેતો નથી; જેથી કરી તેમને વિષયોની ઇચ્છા ટળી શકતી નથી અને અતૃપ્તપણે તે પાછા મેળવવા પ્રયાસ કરે છે. આ બધું યે જીવની વિપરીત શ્રદ્ધાનું પરિણામ છે કે જે મિથ્યાત્વ કહેવાય છે.

જેઓ મોતથી બીએ છે તેઓ આત્મવિકાસની દિશામાં જવાને લાયક નથી. શરીર છૂટી જવાનો કે શરીરને ઇજા પહોંચવાનો ભય આસક્તિભાવથી રહે છે. આસક્તિભાવવાળો જીવ આત્મિક સંપત્તિનો વિનાશ કરીને પણ પૌદ્ગલિક વિષયોને જાળવી રાખે છે; કારણ કે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૌદ્ગલિક વિષયોમાં જ આનંદ તથા સુખ જોનારો છે, માટે જ તે સુખ અને આનંદરૂપ વિકાસને મેળવી શકતો નથી, પણ કોઇક વખતે ઉપશમભાવે કાંઇક મળેલાં હોય તેને ખોઇ બેસે છે; કારણ કે તે અજ્ઞાની-બાળજીવ છે, માટે જ તે સાચાને ખોટું અને ખોટાને સાચું માને છે; જેથી કરી સાચી વસ્તુનો વ્યય કરી ખોટી વસ્તુ સંઘરે છે કે જે પરિણામે તેની ધારણાને સફળ કરી શકતો નથી.

**અજ્ઞાનીઓની ધારણાઓ અને ભાવનાઓ** પણ મિથ્યા હોય છે; કારણ કે તે વૈષયિક વસ્તુઓની સાથે સંબંધ ધરાવવાવાળી હોય છે. પૌદ્ગલિક વિષયોનો ઇંદ્રિયો સાથેનો સંબંધ છૂટો પાડીને જ્ઞાનનો જ વિષય માનવામાં-શ્રદ્ધવામાં આવે તો તે વિષયો આત્મિક વિકાસને બાધકર્ત્તા થઇ શકતા નથી. જ્ઞાનમાં વિષયોની અસર થવાવાળી વિકૃતિ થઇ શકતી નથી. આ જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે; કારણ કે તે આત્માનો સ્વભાવ છે.

શબ્દવર્ણાદિ વિષયોને ઇંદ્રિયોનો વિષય માનવામાં આવે તો વિષયોની અસર આત્મા ઉપર જરૂર થાય અને વિકૃતિ ઉત્પન્ન કરે છે, પણ ઇંદ્રિયનો વિષય ન માનતા જ્ઞાનનો વિષય જો માનવામાં આવે તો આત્મા ઉપર વિષયોની અસર થતી નથી અર્થાત્ પૌદ્ગલિક વિષયોને ઇંદ્રિયોના ઉપભોગ તરીકે માનવા તે મિથ્યાત્વ-અજ્ઞાન છે અને જ્ઞાનના ઉપભોગ તરીકે માનવા તે સમ્યગ્જ્ઞાન છે.

જ્ઞેય માત્ર જ્ઞાનનો વિષય છે. દ્રવ્યગુણ-પર્યાયમયી જગત બધુંયે જ્ઞેય છે. આત્મા જ્ઞાનનો ભોક્તા છે અને જ્ઞાન જ્ઞેયનો ભોક્તા છે, માટે જ્ઞેયનો પરંપરાથી આત્મા ભોક્તા થઇ શકે છે. જ્ઞેયનો આત્મા ભોકતા છે એટલે તે જ્ઞેયને જાણે છે અર્થાત્ ભોગવવું એટલે જાણવું. જ્યાં સુધી સકર્મક આત્મા અજ્ઞાની હોય છે ત્યાં સુધી ઇંદ્રિયોદ્વારા જડના ગુણસ્વરૂપ વિષયોને જાણે છે. એ અપેક્ષાને લઇને ઇંદ્રિયોના વિષયો કહેવાય છે કે જેમાં રાગદ્વેષને લઇને જીવ આસક્ત થાય છે અને તેને મેળવીને તેનો ઉપભોગ કરીને પોતે આનંદ તથા સુખ મનાવે છે કે જે એક વિકૃતિસ્વરૂપ છે. ઇંદ્રિયો જડ હોવાથી વિષયો ગ્રહણ કરી શકતી નથી. દર્શન-મોહના આવરણવાળો આત્મા ઇંદ્રિયોદ્વારા વિષયોને ગ્રહણ કરે છે અર્થાત્ જાણે છે. તે સાચું જાણતો નથી પણ વિપરીત જાણે છે જેને અજ્ઞાન કહેવામાં આવે છે. કેવળ ઇંદ્રિયોદ્વારા વસ્તુનું સાચું સ્વરૂપ જણાતું નથી પણ વિપરીત જ જણાય છે કે જે એક વિકૃતિ ઉત્પન્ન કરે છે. વિકૃતિ એટલે ઉપયોગશૂન્ય થઇને સ્વરૂપને ભૂલી જવું અને પોતાને પરરૂપે માનવું, અને તે વિષયોનો ઇંદ્રિયો સાથે સંબંધ થવાથી થાય છે. વિષયોનો ઇંદ્રિયોની સાથે સંબંધ થતી વખતે જો જીવની દ્વેષની પરિણતિ હોય તો તે સંબંધને પ્રતિકૂળ માની દુઃખ મનાવે છે અને જો રાગની પરિણતિ હોય તો અનુકૂળ માની સુખ મનાવે છે. અનુકૂળ વિષયના સંસર્ગથી હર્ષ થાય છે-આનંદ થાય છે અને પ્રતિકૂળ વિષયના સંસર્ગથી દિલગીરી-શોક થાય છે. ઇંદ્રિયોના વિષયો ભોગવવા એટલે પૌદ્ગલિક વસ્તુનો ઇંદ્રિયોની સાથે સંબંધ થવો. પૌદ્ગલિક વસ્તુનો ઇંદ્રિયની સાથે સંસર્ગ થવાથી રાગ-પરિણતિવાળા આત્માને આસક્તિ થવી. અનુકૂળ વિષયના સંબંધને જ ઉપભોગ કહેવામાં આવે છે પણ પ્રતિકૂળ વિષયના સંબંધને ઉપભોગ કહેવામાં આવતો નથી. આ ઉપભોગ અજ્ઞાનતાને લઇને થવાવાળી વિકૃતિ માત્ર છે. તાત્ત્વિક દૃષ્ટિથી વિચારીએ તો આત્માનો ઉપભોગ ઉપયોગ સ્વરૂપ પ્રવૃત્તિ છે અર્થાત્ મોહ ક્ષય થવાથી સમ્યગ્જ્ઞાનદ્વારા વિષયાદિ જ્ઞેયનું યથાર્થ સ્વ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમાર્થસૂચક વાક્યસંગ્રહ

સંગ્રાહક ને યોજક: **મુનિ પુણ્યવિજયજી (સંવિજ્ઞપાક્ષિક) અમદાવાદ.**

તત્ત્વબોધનો વિકલ્પ થવામાં હેતુભૂત એવી ચિંતા કરવાનો જેનામાં સ્વભાવ નથી, તે ગતાનુગતિક પામર પ્રાણીને પ્રશસ્ત વૈરાગ્ય પ્રાપ્ત થઇ શકતો નથી અને એથી જ મોક્ષના સાધનભૂત માર્ગમાં પ્રવેશ થઇ શકતો નથી. ૧

સંસારના સર્વ પાપો કેવળ અજ્ઞાનતાથી પ્રગટે છે. એ અજ્ઞાનતા—એ અંધકાર આત્માના અવિકાસની અવસ્થા છે. જ્યાં સુધી અજ્ઞાનતાના પાપનું દમન કરવામાં નહિ આવે ત્યાં સુધી આત્મિક આનંદની પ્રાપ્તિ કોઇ વખત નહિ જ થાય. ૨

વિપરીત તત્ત્વાર્થ પ્રતીતિ એ જ મિથ્યાત્વ છે. જીવ અનાદિ સંસારદશામાં જગતના સઘળા બનાવો, ભાવો અને પ્રવૃત્તિઓનો નિર્ણય કર્યા કરતો છતો પણ માત્ર પોતાના વાસ્તવ્ય સ્વરૂપ સંબંધી અનિર્ણય અર્થાત્ વિપરીત શ્રદ્ધાનવડે જ દુઃખી થઇ રહ્યો છે અને એ જ અનંત સંસારદશાનું બીજ છે. ૩

જીવાદિ યથાર્થ–આત્મપરિણતિપૂર્વક નિશ્ચય વિના જગતના સ્થાવરજંગમાદિ સર્વ ચર અચર પદાર્થો ઇષ્ટ અનિષ્ટરૂપ ભાસ્યા કરે છે. પરપદાર્થો પ્રત્યેની ઇષ્ટાનિષ્ટ ભાવના એ જ રાગદ્વેષ છે, તે વાસ્તવિક પદાર્થશ્રદ્ધાન વિના ટળતું નથી. ૪

ઉત્પત્તિ, સ્થિતિ અને વ્યય એ પદાર્થોનું સામાન્ય લક્ષણ છે. સર્વ પદાર્થ અંતર્ગત જીવ પણ એક દ્રવ્ય વા તત્ત્વ છે. તેનો સામાન્ય સ્વભાવ તો એ જ છે. વળી દયા, દાન, ત્યાગ, તપ એ સર્વ કલ્યાણાર્થી જીવો સાધી રહ્યા છે, એ પણ એક સામાન્ય પ્રવૃત્તિ છે; પણ એ સર્વથી કોઇ નિરાળી ઓળખ જીવતત્ત્વની જો જીવને થાય તો તે વાસ્તવિક સત્યમાર્ગે એક-નિષ્ઠપણે સમ્યક્ પ્રકારે પ્રવર્તી શકે. ૫

સંસારનું મૂળ કારણ અજ્ઞાન છે અને તે સંસારી જીવને અનાદિ કાળથી વર્તી રહ્યું છે, તેથી જ વર્તમાન દેહમાં આત્મબુદ્ધિ કરી નવાં નવાં શરીર ધારણ કરી રહ્યો છે. ૬

શરીર અને જીવ એ બન્નેમાં જ્યાં સુધી ભેદબુદ્ધિ થઇને શરીરથી ભિન્ન યથાવત્ આત્મસ્વરૂપ પ્રતીતિમાં ન આવે ત્યાં સુધી જ્ઞાન અજ્ઞાનરૂપ છે. એક ક્ષેત્રાવગાહપણે પરિણમેલા અનાદિ સંબંધવાળા એ બન્ને પદાર્થોમાં ભેદ ભાસવો એ જ જ્ઞાનનો મહિમા છે. ૭

જીવ અને દેહની ભેદબુદ્ધિરૂપ સુપ્રતીતિ કોઇ તથારૂપદશાવાન મહત્પુરુષના જોગ અને સંગ વિના તથા જડથી ઓસરી કંઇક જીવ સન્મુખ દૃષ્ટિ થયા વિના આવતી નથી. ૮

જે મનુષ્ય જડચેતનનાં વાસ્તવિક સ્વરૂપને સમજ્યો છે, તે આત્મશ્રદ્ધાના અપૂર્વ બળવડે પોતાની આત્મપરિણતિ અને બાહ્ય શરીરાદિ યોગને અવંચકભાવે પરિણમાવી શકે છે. ૯

---

રૂપ જાણવું તે આત્માનો ઉપભોગ કહેવાય છે, જે એક પ્રકૃતિ સ્વરૂપ છે અને તેને સમ્યક્ત્વ કહેવામાં આવે છે. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે આત્માને તત્ત્વાર્થશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ ગુણ ઉપજે ત્યારે તેને મોક્ષની અભિલાષા-મુમુક્ષુભાવ હોય છે. ચોથા ગુણસ્થાનકની તથા ચૌદમા ગુણસ્થાનકની શ્રદ્ધા એક જ છે, ફક્ત વર્તનમાં જ ફેર છે. ૧૦

સર્વ કાર્યની પ્રથમ ભૂમિકા વિકટ હોય છે. સાચો મુમુક્ષુભાવ આવવો દુષ્કર છે, તો અનંતકાળથી અનભ્યસ્ત મુમુક્ષુતા માટે તેમ હોય એમાં કાંઇ આશ્ચર્ય નથી. ૧૧

ગુણ અને દોષ અને તેના કારણોનો સમ્યગ્ વિવેક થઇ આત્મામાં તથારૂપ દશાપૂર્વક નિશ્ચય વર્તવો એ જ સમ્યગ્દર્શન સહિત સમ્યગ્જ્ઞાન છે, તથા દોષના કારણોને છોડી ગુણના કારણોને હેયોપાદેય વિવેકપૂર્વક પરમ આદરભાવે ગ્રહણ કરવા એ જ સમ્યક્ચારિત્ર છે. એ ત્રણેની વાસ્તવિક ઐકયતારૂપ આત્મદશા વર્તવી તે મોક્ષમાર્ગ છે. ૧૨

સાત પદાર્થો ઉપર શ્રદ્ધારૂપ આત્મપરિણતિની વ્યાપ્તિ 'તત્ત્વાર્થશ્રદ્ધાન' તે જ્યારે સમ્યક્ત્વ હોય ત્યારે જ પ્રગટે છે, જેથી વસ્તુતઃ શ્રદ્ધાન એ સમ્યક્ત્વનું કાર્ય છે, તો પણ તેને સમ્યક્ત્વરૂપ કારણનો ઉપચાર કરીને સમ્યક્ત્વ કહેવામાં આવે છે. ૧૩

**'तमेव सच्चं निस्संकं, जं जिणेहिं पवेइयं'** 'શ્રી જિનેશ્વર દેવે કહ્યું તે જ સાચું અને શંકા વિનાનું છે.' આત્માનાં આવા પરિણામનું નામ સમ્યક્ત્વ કહેવાય છે. આ ગુણ અનંતાનુબંધી કષાય વગેરે સાત પ્રકૃતિઓના ક્ષયોપશમ, ઉપશમ અથવા ક્ષયથી પ્રગટ થાય છે. એમ થયા વિના વસ્તુતઃ આ ગુણ પ્રગટતો નથી. ૧૪

માન્યતા અને શ્રદ્ધાનમાં ફરક સમજવાનો છે. માન્યતા એ નીચી કોટિની વસ્તુ છે જ્યારે શ્રદ્ધાન એ માન્યતાનો પરિપાક હોવાથી ઊંચી કોટિની વસ્તુ છે. માન્યતા એ મનુષ્યના અમુક પ્રકારના મનનો ભાવ જ સૂચવે છે, જ્યારે શ્રદ્ધાન મનુષ્યના આત્મા ઉપર અજવાળું પાડનાર દિવ્ય પ્રકાશ છે. શ્રદ્ધાનનો ઉદય થતાં જીવ અને દેહનું આત્મસ્પર્શી વિવેક જ્ઞાન સ્ફુરે છે. ૧૫

જેવી આસક્તિપૂર્વકની માન્યતા પોતાના શરીર ઉપર અને માતા, પિતા તથા સાંસારિક વસ્તુઓ તરફ હોય છે, તેવી અડગ માન્યતા આત્મા અને શરીરની ભિન્નતા ઉપર બંધાય ત્યારે તેને શ્રદ્ધાન થયું કહેવામાં આવે છે. ચતુર્થ ગુણસ્થાનકનું જે ગૌરવ શાસ્ત્રોમાં બતાવ્યું છે, તે આવી શ્રદ્ધાને અવલંબે છે. ૧૬

સમ્યગ્ દર્શનના લક્ષણમાં મુકાયેલ 'તત્ત્વ' શબ્દથી કેવળ અર્થથી '**अर्थश्रद्धान**' એ સમ્યગ્દર્શનની વ્યાખ્યા નથી; પરંતુ '**तत्त्वार्थश्रद्धान**' તત્ત્વરૂપ અર્થોની-પદાર્થોની શ્રદ્ધા એટલે જે જે પદાર્થો તત્ત્વરૂપ છે, વાસ્તવિક રીતે પોતાના સ્વરૂપમાં રહેલ છે, તે તે જીવ, અજીવ, પુણ્ય, પાપ વગેરે અર્થોને સ્વીકારવારૂપ શ્રદ્ધા આ સમ્યગ્દર્શનનું ફલદર્શક લક્ષણ છે, એટલે કે સમ્યગ્દર્શનના ફળને દેખાડવાવાળું-પમાડવાવાળું આ લક્ષણ છે. ૧૭

તત્ત્વરૂપ અર્થોની શ્રદ્ધા એ પણ સ્વયં સમ્યગ્દર્શનરૂપ નથી કે સમ્યગ્દર્શનનું સ્વતંત્ર સ્વરૂપ નથી; કિન્તુ અનાદિ કાળથી જે સુષુપ્ત આત્મસ્વરૂપ પરિણામ, મિથ્યાત્વ મોહનીય કર્મના ક્ષય, ક્ષયોપશમ યા ઉપશમથી તેવા પ્રકારની જાગ્રતિને પામે છે તેને સમ્યગ્દર્શન કહેવાય છે. તેનું બાહ્ય ચિહ્ન-કાર્યરૂપ લિંગ તત્ત્વાર્થશ્રદ્ધા છે. ૧૮

કેવળ આત્મા-પરલોક વગેરેનો સ્વીકાર કરનાર આત્મા સમ્યગ્દષ્ટિ નથી થઇ શકતો, પણ વાસ્તવિક રીતે તે તે તત્ત્વો કે જે પોતાના સ્વરૂપમાં રહેલા છે, તેને તે તે રીતે સ્વીકારનાર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધસ્તોત્ર.

રચનાર અને વિવેચક :
ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઈ મહેતા એમ. બી. બી. એસ.

( ગતાંક પૃષ્ઠ ૧૬૧ થી શરૂ )

હવે સ્તોત્રકાર આવું ઉન્નત લોકાગ્રપદ કેમ પ્રાપ્ત થયું ? તે સૂચવે છેઃ—

વસંતતિલકા—

**ખાતા કરી ખતમ કર્મતણા સમસ્ત, પામ્યા ગતિ જ અપુનર્ભવ જે પ્રશસ્ત;**
**જેણે ચૂર્યાં ચઉગતિ રથચક્ર ચારે, તે સિદ્ધના ચરણ હો શરણું અમારે! ૧૨**

**શબ્દાર્થઃ**—કર્મના બધા ખાતા ખતમ કરી જે અપુનર્ભવ એવી પ્રશસ્ત ગતિ પામ્યા છે અને જેણે ચાર ગતિરૂપ ચારે ય રથચક્રને ચૂરી નાખ્યા છે, તે સિદ્ધ ભગવંતના ચરણનું અમને શરણ હો !

**વિવેચનઃ—**

અત્રે સમજવા માટે પ્રથમ એક રૂપક યોજીએ—

અનાદિ કાળથી આ જીવે મિથ્યા ભ્રાંતિથી પરપુદ્ગલ ક્ષેત્રમાં માથું માર્યું ( Meddling ), સ્વક્ષેત્રની મર્યાદા છોડી પરવસ્તુના પ્રદેશમાં આક્રમણ–અતિક્રમણ ( Trespass ) કર્યું, અથવા તો

---

સદ્દહનાર આત્મા સમ્યગ્દર્શન ગુણને પામેલો કહી શકાય. તાત્પર્ય એ કે આત્માના અસ્તિત્વને સ્વીકાર્યા પછી આત્માના સ્વરૂપને સંપૂર્ણપણે વફાદાર રહેનારી દરેક પ્રકારની માન્યતાઓને સ્વીકારવી જોઈએ–આત્મસાત્ કરવી જોઈએ. ૧૯

આત્માની અસ્તિતાને સ્વીકારનાર દર્શનકારો એકાન્તવાદ સત્યની એક જ બાજુ નિરપેક્ષ દૃષ્ટિથી પકડી લે છે અને બીજી બાજુઓ કે જે સત્યની અંગભૂત છે તેનો નિશ્ચયાત્મક ઇન્કાર કરવાની ગંભીર ભૂલ કરે છે. આથી સત્ય વાત પણ અસત્યરૂપ બને છે; કારણ કે જે સત્યનું સંપૂર્ણ સ્વરૂપ નથી, સત્યનો અંશ છે, સત્યની એક બાજુ છે, તેને તે રૂપે; એટલે કે સત્યના એકાદ અંશરૂપે નહિ સ્વીકારતા કોઇ પણ પ્રકારની અપેક્ષા વગર તેને જ્યારે સંપૂર્ણ સત્ય માની લેવાનો દુરાગ્રહ થાય ત્યારે તે સત્ય સત્ય તરીકે નહિ રહેતાં અસત્ય–મિથ્યારૂપ બને છે. ૨૦

જૈન દર્શન સ્યાદ્વાદને અનુલક્ષીને પ્રત્યેક પદાર્થને તે જે સ્વરૂપમાં છે તે જ સ્વરૂપે સ્વીકારવાનો આગ્રહ સેવે છે અને ઇતર આસ્તિક દર્શનકારો પોતે સ્વીકારેલ રીતિ મુજબ જગતના પદાર્થોને સ્વીકારવાનો–માનવાનો દુરાગ્રહ ચાલુ રાખે છે. જો કે આસ્તિક તરીકે જૈન દર્શન અને ઇતર સાંખ્યાદિ આસ્તિક દર્શનો સામાન્ય રીતે એક સમાન હોવા છતાંએ જૈન દર્શનમાં કેવળ સ્યાદ્વાદની દૃષ્ટિ હોવાને અંગે આ બન્ને ( જૈન અને અજૈન ) દર્શનોની તત્ત્વવ્યવસ્થામાં મેળ રહેવો શક્ય નથી; માટે જ તત્ત્વને તત્ત્વરૂપે નહિ સ્વીકારનાર અશ્રદ્ધાનરૂપ હોઈ મિથ્યારૂપ બને છે. ૨૧ (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારાંતરે પરપુદ્ગલ દ્રવ્યની ચોરી કરવારૂપ ગંભીર ગુન્હો–અપરાધ ( Crime ) કર્યો, અને તેના પ્રત્યાઘાતરૂપે ( Reaction ) પુદ્ગલ કર્મનું પ્રતિ આક્રમણ ( Counter attack ) તેના પર થયું. કર્મ મહારાજે પોતાના વેરની વસૂલાત માટે પોતાના વિશ્વાસુ સુભટોને આદેશ કર્યો કે: " આ દુષ્ટે આપણા પ્રદેશમાં પ્રવેશ કરી, આપણા દ્રવ્યની ચોરીનો મહા અપરાધ કર્યો છે, માટે તેને પકડો, ગાઢ બંધને બાંધો અને હેડમાં નાખો એવો તો દુઃખો દુઃખો કરો કે જેથી તે તેની ખો ભૂલી જાય." એટલે તે સ્વામીભક્ત સેવકોએ પોતાના લેણાંની વસૂલાત પેટે બાનારૂપે એ જીવને પકડ્યો, ગાઢ બંધને બાંધ્યો અને ચતુર્ગતિરૂપ સંસારની હેડમાં પૂર્યો.

આમ કુદરતી રીતે જ તે ગુનેગાર–અપરાધી હોઇ, તેની સજારૂપ દંડ તેને મળ્યો છે અને તે દંડ ચારે ગતિમાં પરિભ્રમણ દુઃખરૂપે તે ભોગવી રહ્યો છે અથવા તો આ એક જાતનું કર્મ પુદ્ગલનું ઋણ–દેવું પણ કહી શકાય; કારણ કે તેનું ગ્રહણ કરી આ જીવ તેનો ઋણી–દેવાદાર થયો છે, એટલે તે કર્મના ચોપડામાં તેના નામે અનેક રકમો ઉધારવામાં આવી છે અને તેનું વ્યાજ પણ દિનપ્રતિદિન ચઢતું જાય છે, તે એટલે સુધી કે મુદ્દલ કરતાં વ્યાજ વધી જાય છે!

'મૂલડો થોડો રે, ભાઈ વ્યાજડો ઘણો; કેમ કરી દીધલો રે જાય.'

—શ્રી આનંદઘનજી.

એવી સ્થિતિ થઈ પડે છે!

અને આ દેવું ચૂકવવા માટે તેને નવા નવા જન્મમરણરૂપ નવા નવા નાટક ભજવી દેખાડી, નિરંતર કર્મ મહારાજની ખુશામત કરી તેને રીઝવવા પડે છે! આમ કરતાં કંઇક દેવું માફ કે જમે થાય છે, ત્યાં વળી નવું ઉમેરાતું જાય છે!—' રળીયા ગઢવી ક્યાં ગયા હતા, તો કે ઘેરના ઘેર ને ભરડકા ભેર,' ' ઘાણીનો બેલ જ્યાં નો ત્યાં,' ' આંધળો વણે ને પાડો ચાવે'—એના જેવી સ્થિતિ થાય છે. આમ ચક્રભ્રમણ ન્યાયથી જમેઉધારના પાસા ચાલ્યા જ કરે છે અને કર્મ નરેંદ્રનો ચિત્રગુપ્ત લહિયો થાક્યા વિના ચોપડો ચિતરવામાં એટલો મશગૂલ બની જાય છે, કે આ બિચારો જીવ આટલો બધો દેવાનો બોજો ઉઠાવતાં બેવડ વળી જશે એટલો વિચાર સુદ્ધાં કરવાની પણ તેને ફુરસદ કે દયા રહેતી નથી! વારું, એ ગમે તેમ હોય, પણ આ વેઠિયા બળદ જેવા જીવને તે કર્મભાર ઉઠાવ્યા વિના છૂટકો જ નથી, એને રફતે રફતે પણ દેવું પતાવવું જ પડે છે.

આમ અનાદિ કાળનો જે કર્મનો ચોપડો તેમાં કેટલી બધી રકમ જીવને ખાતે મંડાણી હશે તેનો કોઇ હિસાબ કરી શકે એમ નથી, એટલે તેને 'અનંત' નામ જ છાજે છે.

આવા જે અનંત કર્મવર્ગણાનું ઋણ તે પ્રભુએ અદ્ભુત આત્મવીર્યોલ્લાસથી પૂરેપૂરું ચૂકવી આપ્યું છે, જમેઉધાર પાસા બરાબર સરભર કર્યા છે, પોતાના ખાતે પરમાણુ જેટલી એક પણ રકમ બાકી રહેવા દીધી નથી, માત્ર શૂન્યનો આંકડો શેષ રાખ્યો છે! કર્મ જેવા મોટા વ્યાજખાઉ મારવાડીને પણ થકવ્યો છે!

" ચાર ગતિ ચોપડા, ચ્યવનના ચૂકવી. "—શ્રી વીરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" એક પરમાણુ માત્રની ન મળે સ્પર્શતા,
છૂટે જિહાં સકળ પુદ્દગલ સંબંધ જો. "

**—મહાતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી.**

" સકલ પ્રદેશે હો કર્મ અભાવતા, પૂર્ણાનંદ સ્વરૂપ,
આતમગુણની હો જે સંપૂર્ણતા, સિદ્ધ સ્વભાવ અનૂપ;
સ્વામી સ્વયંપ્રભને જાઉં ભામણે. "

**—મુનિવર્ય શ્રી દેવચંદ્રજી.**

આમ કર્મના ખાતા ખતમ કરી–ચૂકતે કરી દઇને, પ્રભુ '**અપુનર્ભવ**' નામથી ઓળખાતી પ્રશસ્ત ગતિને પામ્યા છે; અપુનર્ભવ એટલે જ્યાં ફરી ભવ કરવો પડતો નથી, જ્યાં ફરી જન્મમરણનો ફેરો મટી જાય છે એવી ઉત્તમ મોક્ષગતિને પામ્યા છે. ભવના બીજનો આત્યંતિક નાશ થયો હોવાથી—

**" पुनरपि जननं पुनरपि मरणं, पुनरपि जननीजठरे शयनम् "—શ્રી શંકરાચાર્ય.**

એવી દુઃખદ સ્થિતિનો સુખદ અંત આવે છે.

અને આમ અપુનર્ભવ ગતિ પામ્યા હોવાથી, સંસારરૂપ રથના ચાર પૈડાંરૂપ જે ચાર ગતિ છે તે પણ સર્વથા ચૂરાઇ જાય છે, એટલે સંસારની ગતિ અટકી પડે છે.

આવા પરમ સામર્થ્યવંત શ્રી સિદ્ધ ભગવંતના ચરણ અમને શરણરૂપ હો! કારણ કે ભવભયથી રક્ષણ કરવાને પરમ સમર્થ એ જ પરમાત્મા છે, એથી જ પરમ નિર્ભયપણું પ્રાપ્ત થાય છે.

" ધીંગ ધણી માથે કિયો રે, કોણ ગંજે નર ખેટ–વિમલજિન !
" સાહિબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર;
મનવિસરામી વાલહો રે, આતમ ચો આધાર–વિમલજિન ! "

**—ભક્તરાજ શ્રી આનંદઘનજી.**

" મોટાને ઉત્સંગ બેઠાને શી ચિંતા ?
પ્રભુને ચરણ પસાય, સેવક થયા નચિંત. "
" હવે તુજ સમ મુજ સાહિબ મલિયો,
તિણે સવિ ભવભય ટળિયો રે–પ્રભુ અંતરજામી. "—**શ્રી દેવચંદ્રજી.**

( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહિંસાની અદ્ભુત શક્તિ

[ ૮ ]

## ઉત્સવની તૈયારી.

લેખક: **મોહનલાલ દીપચંદ ચોકસી**

**આશ્વિન** શુદ **એકમથી** કાલિમાતાની યાત્રા આરંભાતી. સૌથી મોટો મેળો દશમ યાને દશેરાને દિને ભરાતો. આજે પણ નવરાત્રના દિવસો ગુજરાતમાં માતાના ગરબા તરીકે ઊજવાય છે. હિંદના કેટલાક ભાગોમાં હજુ પણ એ દિનોમાં પશુબલિ ચઢાવાય છે અને બંગાળમાં તો 'પૂજાના દિવસો' તરીકે ઓળખાતા આ પર્વનું માહાત્મ્ય જરા પણ ઓછું નથી થયું. ખાસ કરીને પાછલા ત્રણ દિનોમાં ઠેર ઠેર બકરાના જીવનની આહૂતિ અપાય છે અને એ રક્તમાંસનાં છાંટણામાં બંગાળી બાબુઓ માતાની પ્રસન્નતા પ્રાપ્ત કર્યાનો આનંદ માને છે. દૂર વસતા આપ્તજનો એ પ્રસંગ પર ગાડીભાડા ખરચી દેશમાં આવે છે! મહારાષ્ટ્ર અને આસપાસના બીજા ભાગોમાં પણ માતાના ભોગ આ દિનોમાં ઓછાં નથી અપાતાં! ધર્મના ઓથા હેઠળ ચાલતી આ હિંસા સાચે જ કમકમાટી ભરી છે. મલ્લિપુરની પ્રજા. પુરોહિત માણિકદેવના આગમન પછી કાળિમાતાનો ઉત્સવ દબદબાભરી રીતે ઊજવતી. રાજવી પદ્મનાભ એ વેળા પાણીની માફક ધન ખરચતો. જાણે હિંસાદેવીનું એકછત્રી રાજ્ય પ્રવર્તતું!

પણ જેમ દિવસો નજીક આવતા હતા તેમ પ્રજાના મનમાં આ વેળા પૂર્વ વર્ષો કરતાં કંઈ અનોખું બનવાની ભીતિ જોર પકડતી હતી. સાધુ અમરકીર્તિના ઉપદેશથી વાતાવરણમાં અહિંસાની પુનઃ પ્રાણપ્રતિષ્ઠા થઇ ચૂકી હતી. પુરવાસીઓનો એક ભાગ અંતરથી માનતો કે મૂંગા પશુઓની આહૂતિ આપવામાં ધર્મનું બિન્દુ સરખું પણ નથી સમાયું! એ ઉપરાંત આ વેળા ખુદ મહારાજ સાહેબ પોતે આ રક્તપાત અટકાવવા કટિબદ્ધ થયા હતા. આઠ યુવાનોએ જીવન ફના કરીને પણ આ વિધાનનો સામનો કરવાનો નિશ્ચય જાહેર કર્યો હતો. પ્રજાથી આ વાત અંધારામાં જેમ નહોતી રહી તેમ રાજવી તથા પુરોહિતના ચરપુરુષોદ્વારા એ વાત મીઠામરચાંના સંભારપૂર્વક ઉભયના કર્ણે પણ આવી ચૂકી હતી. ટૂંકમાં કહીયે તો બન્ને પક્ષ તૈયારી કરી રહ્યા હતા. જેમ જેમ દિવસ નજદીક આવતા હતા તેમ તેમ મલ્લિપુરનું વાતાવરણ વધુને વધુ સંક્ષુબ્ધ બનતું હતું. નવનવા બનાવોની આગાહી આપતું હતું.

પુરોહિત માણિકદેવ પૂરો પ્રપંચી અને જબરો ખટપટી હોવાથી આ સમાચાર સાંભળ્યા પછી ચૂપ બેસી રહે તેવો માનવી ન હતો. એણે મહારાજની સર્વ કરણી હતી ન હતી કરી મૂકી. જડમૂળથી જ અહિંસાની વાત ઉખેડી નાખવા સારુ પોતાના ખાનગી તંત્રો ગતિમાન કરી દીધાં હતાં. એક તરફ કાલિમાતાના મંદિરને રંગરોગાન કરાવવાનું આરંભ્યું હતું અને બીજી બાજુ મંદિરના ચોગાનમાં એક વિશાળ મંડપ ઊભો કરવા માંડ્યો હતો. ધ્વજાપતાકાનો શણગાર ધમધોકાર આગળ વધતો હતો. નગારખાનામાંથી નોબતોના રણકાર આ વર્ષે વધુ વહેલા શરુ થયા હતા. ભાદ્રમાસનો કૃષ્ણપક્ષ ચાલતો હોવાથી રાત્રિઓ અંધકારમય હતી છતાં મંદિરમાં અવરજવર રહેતી. કાળા કૃત્યો માટે કાળી રાત્રિઓ જ વધુ અનુકૂળ મનાતી. ભાદ્રમાસની વદ ચૌદશની અંધારી રાત હતી. વાદળાં ઘેરાયાં હતાં અને વરસાદ પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઝરમર ઝરમર આવતો હતો. મંદિરમાં આરતિ થઇ ગયાને ચારેક ઘટિકા વીતી ચૂકી હતી. ચોતરફ અંધકારનું એકધારું સામ્રાજ્ય પથરાયું હતું! કોઇ ભાગમાં માનવીનો પદસંચાર જણાતો નહોતો, તેમ કોઇ પશુનો પગરવ પણ સંભળાતો નહીં. એ વેળા મંદિરની નજીકના વૃક્ષ હેઠળ એક માનવી કંઈક ગહન વિચારમાં ડૂબી ગયેલો દૃષ્ટિગોચર થતો. એ વેળા એકાએક મંદિરમાંથી પુરોહિત માણિકદેવ બહાર પડ્યો. ચોતરફ નજર કરી, નરસિંહ! નરસિંહ! એવા પોકાર કર્યા, છતાં પ્રત્યુત્તર ન મળવાથી કંઈક વિહ્વળ બની આગળ પગલાં ભરવા લાગ્યો અને પેલા ઝાડ સમીપ આવી પહોંચ્યો. છતાં જ્યારે વૃક્ષ હેઠળના માનવી તરફથી કંઈ જ હલનચલન ન થયું ત્યારે એના વિસ્મયનો પાર ન રહ્યો! એ માનવીને જોતાં જ માણિકદેવ પારખી ગયો હતો કે એ એનો વહાલો અને વિશ્વાસપાત્ર અનુચર નરસિંહ હતો. પ્રતિદિન બોલ પડતાં જ ઝીલી લેનાર અને પોતાની આજ્ઞાને વેદવાક્ય ગણનાર આ સેવકમાં આટલી હદે પરિવર્તન કેમ થઈ ગયું કે બૂમ મારવા છતાં નથી તો જવાબ દેતો કે સામે આવ્યા છતાં નથી તો માથું ઊંચું કરતો? આ આદમી સાવ હતાશ કેમ બની ગયો? પુરોહિત કેવળ વિચારમાં કાળક્ષેપ કરે તેવો આદમી નહોતો. તરત જ એણે પીઠ ઠોકી નરસિંહને પ્રશ્ન કર્યો:

'પ્યારા દોસ્ત! એવા તે કયા વિચારમાં ગરકાવ થયો છે? મેં કહેલું કાર્ય કયાં સુધી પહોંચ્યું છે?'

નરસિંહ સ્વસ્થ થઇ સામે ઊભો રહ્યો અને જિજ્ઞાસુવૃત્તિથી બોલ્યો:

'સ્વામી! એ કામ કરવામાં ખરેખર દેવીની આજ્ઞા છે?'

માણિકદેવ: 'તો હું શું ખોટું કહું છું?'

'આપ ખોટું તો ન કહો પણ અંબાના સુંદર નામથી સંબોધાતી, માતાના વહાલસોયા શબ્દથી અલંકરાતી—દેવી આવી આજ્ઞા ખરેખર કરે શું? નિર્દોષના રક્તપાતમાં ધર્મ સંભવે ખરો?

મારે ખાનગી માહિતી મેળવવા કેટલીયે વાર મંદારગિરિના પેલા મહારાજ પાસે જવું પડયું છે અને છેલ્લા દિવસે એમણે જે બોધ દીધો તેના ભણકારા હજુ મારા કાનમાં વાગી રહ્યાં છે. એમાં એક જ ધ્વનિ સંભળાય છે કે—

જીવતાં પ્રાણીઓના રક્તમાંસના ઘૃણાજનક બલિથી દેવદેવતા તૃપ્ત થતાં જ નથી. પુરોહિતોએ પોતાની જીહ્વા-લાલસા સંતોષવા અર્થે ઊભી કરેલી એ માત્ર ઈંદ્રજાળ છે. માતા તરીકેનું ગૌરવસંપન્ન વિશેષણ ધારણ કરનાર, પોતાના બચ્ચાંનાં પ્રાણ હરનાર! હરગીજ ન બને!'

પોતાના પટ્ટશિષ્યની વાત શ્રવણ કરતાં જ માણિકદેવના ચહેરા પર ગંભીરતા પથરાઇ ગઇ. ઘડીભર મન મૂંઝવણ અનુભવવા લાગ્યું, પણ તરત જ સ્વસ્થતા ધારણ કરી. વાણીમાં કોમળતા આણી તે બોલ્યો:

'વત્સ! જો દેવીની પ્રેરણા ન હોય તો મારે આજ્ઞા આપવાનું કારણ શું? એ સાધુની વાતમાં ભરોસો મૂકીશ જ નહીં! દેવીની ભકિત માટે સર્વ કંઇ કરવું પડે! એમાં પ્રાણહાનિ કે રકતપાત જોવાપણું હોય જ નહીં. જો મને તો પળિયા આવવા શરુ થયા છે. આ સારુ મારે જૂઠું બોલવું પડે! મારા પછી આ મઠના અધિપતિનો કળશ તારા શિરે ઢળવાનો છે આજ સુધી મેં તારું પાલન-પોષણ કરી, તને દરેક વાતથી માહિતગાર કર્યો. અરે! ખાનગી વાતોમાં પણ તારાથી પડદો ન રાખ્યો! એ બધું યાદ કરી મેં તારામાં જે વિશ્વાસ મૂકયો છે તેને બર લાવ. જરા પણ વચનમાં શંકા ધર્યા સિવાય નિર્દિષ્ટ કરેલ કાર્ય સત્વર બજાવવા સાથીદારોને લઇને મલ્લિપુરની દિશામાં શીઘ્ર પહોંચી જા. હજુ તો ઘણું કરવાનું છે. ઉત્સવના મંગળાચરણ થાય તે પૂર્વે ભૂમિકા સાફ કરી નાખવાની છે.'

મઠાધિપતિની મખલાળી અને લોભાવનારી વાક્જાળે નરસિંહના હૃદય પર જાદુઈ અસર નિપજાવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરુણાની જે મંજરીઓ ઉપદેશશ્રવણથી જન્મી હતી તે કરમાવા લાગી અને તે પુરોહિતનો સાચો પદધર બનવાની તમન્નાએ જોર પકડયું. નરસિંહે માણિકદેવના ચરણમાં મસ્તક નમાવી, પોતે જે શંકા રાખવી તે બદલ ક્ષમા માગી અને જુસ્સાથી પ્રતિજ્ઞા કરી કે: 'આપે આ સેવકને જે કાર્ય ફરમાવ્યું છે તે કરીને જ પાછો ફરશે એ માટે આપ બેફિકર રહો.'

જે રાત્રિએ વૃક્ષ હેઠળ ગુરુશિષ્ય વચ્ચેનો ઉપર વર્ણવ્યો વાર્તાલાપ થયો એના બીજા દિવસે નગરીમાં જે આઠ યુવાનોએ દેવીનો બલિ અટકાવવા સારુ પ્રતિજ્ઞા કરી હતી તેમના ઘરમાં લૂંટ પડયાના તેમજ બે ત્રણના રમણીય મકાન હતા એમાં આગ લાગ્યાના બનાવ બન્યા. એક રાતમાં શું બન્યું? કેવી રીતે બન્યું? અને કોના હાથે બન્યું? એ પ્રશ્ન પર જાત જાતના અનુમાન બંધાવા માંડ્યા. એ પાછળ રાજ્યની પોલીસ તરફથી તપાસ શરુ થઇ. એ સ્થળોમાં કોટવાળે કેટલીયે વાર અશ્વો દોડાવ્યા! છતાં પરિણામ શૂન્ય!

આટલી દોડાદોડી છતાં સાચા કારણની ખબર તો લીધી નહીં. ત્યાં બીજે છેડેથી જોરશોરથી અવાજ સંભળાવા શરુ થયા. એ જુવાનો પર કાલિમાતાની કરડી નજર જ બેઠી. માતાનો બલિ બંધ કરાય ખરો? એ મૂર્ખાઓએ એ માટે કમર કસી તેનો તેમને નતિજો મળ્યો. માતા તો જાગતા કે એમનો શ્રાપ લાગ્યા વિના ન રહે!

સામાન્ય રીતે આમજનસમૂહના મોટા ભાગમાં વહેમની છાયા સવિશેષ પથરાયેલી હોય છે. એમાં મલ્લિપુરની પ્રજા અપવાદ રૂપ ન હતી. માણિકદેવે ઘરથી જ માતાના પરચાના નામે કંઇ કંઇ કાર્યો પૂર્વે પણ ખાનગી રીતે કરાવેલાં. રાજવી પર એનો કાબૂ હોવાથી પ્રજામાં એને માટે સચોટ છાપ બેઠી હતી. બીજી બાજુએ એણે રાજ્યના અધિકારીવર્ગને પણ સાધેલો હતો. કોટવાળ કે પોલીસ જેમાં માણિકદેવનો હાથ જોતા, તેમાં આંખ આડા કાન કરતા.

આ પ્રકારની સર્વતંત્રી સ્વતંત્ર સત્તાથી પ્રજામાં કાલિમાતાના જાતજાતના પરચા પ્રસર્યા હતા. જરાક કોઇ હિંસા સંબંધમાં જુદો ઉચ્ચાર કરતું કિંવા માતાના બલિ પ્રત્યે અણગમો દાખવતું અથવા વિરોધી સૂર કહાડતું કે તરત જ એને માથે સાડા સાતની પનોતી બેસતી. બેપાંચ દિવસમાં જ એને ત્યાં ધાડ આવતી કે એના ઘરને આગ લાગતી! પદ્મનાભ રાજા આ સબંધમા તપાસ કરાવતો અને સાચું કારણ શોધવા તત્પર રહેતો. પોતે માતાનો ભક્ત છતાં પ્રત્યેક જનને પોતપોતાની માન્યતા મુજબ વર્તવાનો અધિકાર છે એમ તે જરૂર માનતો હોવાથી કોઇ પણ તરેહનું ધાર્મિક દબાણ કરતો નહીં, પણ તંત્રમાં પુરોહિતની લાગવગ એટલી હદે જામી ગઇ હતી કે કોઇને ન્યાયની પડી નહોતી! બનાવ બનતો ત્યારે દોડધામ થતી તે કેવળ દેખાવ પૂરતી જ! દિવસ વીતતાં જ વાત વિસારે પડતી અને ભીનું સંકેલાતું!

આ રીતે પ્રતિજ્ઞાપાલનનો સમય આવતાં પૂર્વે જ પેલા આઠ યુવાનો ઘરબાર વિનાના–રસ્તાના ભિખારીરૂપ બની ગયા! વહેમી લોકો તો એમાં માતાનો કોપ માની બેઠા. પણ એ ઉપરાંત જેઓ અહિંસાના ઉપાસક હતા અને પર્વપ્રસંગના વ્યાખ્યાનમાં હાજર હતા એમાંનો મોટો ભાગ પણ આ બનાવથી ધ્રૂજી ઊઠયો અને વિચારવા લાગ્યો કે સાથ આપવા જઇશું તો આપણી પણ એવી દશા થશે, એટલે તેઓ પણ ઘરખૂણે બેઠા. કેટલાકને તો એટલી હદે ભીતિ લાગી કે જેથી મંદારગિરિ પર જવાનું જ માંડી વાળ્યું! ગણ્યાંગાંઠયા ચુસ્ત ઉપાસકો જ આચાર્યની સાન્નિધ્યમાં રહ્યા. પેલા આઠ યુવકો પણ ગિરિ પર આવીને રહ્યા. તેઓ કાચા પોચા ન હતા. 'પણ' લેતાં પૂર્વે તેમણે આવનાર ભયની ગણતરી કરી લીધી હતી એટલે તેમના હૃદયમાં મેરુ જેવી અડગતા રમતી હતી. આશ્વિન પ્રતિપદાની સાર્ગપ્રતીક્ષા અને એ દિન આવતા કાર્યારંભ એ જ એક રટણ હતું. અમરકીર્તિજી પણ પોતાના નિશ્ચયમાં મક્કમ હતા. વાચક ને લાગશે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### સમ્યગ્જ્ઞાનની કૂંચી—

# યોગની અદ્ભુત શકિત

(ગતાંક પૃષ્ઠ ૧૯૧ થી શરુ) મૂળ લેખક : બાબુ ચંપતરાયજી જૈની, બાર–એટ–લૉ.

પોતાની શક્તિ એક જ બિન્દુ ઉપર કેંદ્રિત કરવી એનું નામ એકાગ્રધ્યાન છે. જે વસ્તુ ઉપર વિજય મેળવવો હોય તે વસ્તુ સામે સર્વ બળનો સંચય કરવો એ પણ એકાગ્રધ્યાન જ કહેવાય. કોઇ દેશને પરાસ્ત કરી તેના ઉપર વિજય મેળવવા હોય તો સૈનિકોની શક્તિ છિન્નભિન્ન ન થાય એ રીતે સૈનિકોને રોકવાથી ઇષ્ટ પરિણામ આવી શકે છે. કોઇ એક સુયોગ્ય સ્થળે સૈનિકો પોતાનું કાર્ય આગળ ધપાવ્યે જાય તો, તેથી ધાર્યાં પરિણામ આવી શકે છે. સૈનિકોને એકાગ્ર રીતે નિયુકત કરવાથી ઘણીયે વાર ઓછા સૈનિકોથી પણ વિજય પ્રાપ્ત થઇ શકે છે. એક સમર્થ વિદ્વાને એકાગ્રતાની અદ્ભુત શક્તિના સંબંધમાં યથાર્થ રીતે કહ્યું છે કે—

"ચિત્તશક્તિની એકાગ્રતાથી જ જનતાને દુનિયાનું સર્વ પ્રકારનુ જ્ઞાન પ્રાપ્ત થયું છે, એકાગ્રતાથી જે શક્તિ મનુષ્યને પ્રાપ્ત થાય છે. તે શક્તિને લીધે મનુષ્ય કુદરતનાં કોઈ પણ રહસ્યનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. મનુષ્યની ચિત્તશક્તિ અમર્યાદિત છે. વિશેષ એકાગ્રતાને લઇને વિશેષ શક્તિ પ્રાપ્ત થાય છે."

ચિત્તની એકાગ્રવૃત્તિ અનેક રીતે કેળવાય છે. હઠયોગ, ભક્તિયોગ, રાજયોગ અને જ્ઞાનયોગ એમ હિન્દુઓની યોગદષ્ટિએ એકાગ્રતાના વિકાસના ચાર પ્રકાર છે. યોગક્રિયાના ઇચ્છુકની શક્તિ અને પાત્રતા અનુસાર યોગના આ પ્રમાણે ચાર વિભાગ પાડવામાં આવ્યા છે. શારીરિક સંયમથી ઇષ્ટ એકાગ્રભાવ પ્રાપ્ત કરવો એ હઠયોગનો ઉદ્દેશ છે. હઠયોગથી ઇંદ્રિય સંયમદ્વારા ચિત્ત વિશુદ્ધ અને સંસ્કારી પણ બને છે. હઠયોગમાં કોઇ મનુષ્ય નિષ્ણાત બન્યાથી તે રાજયોગ માટે તૈયાર બને છે. આત્માના દિવ્ય અને સુંદર દૃશ્યમાં મગ્ન થઇ, પ્રભુના પ્રેમમાં જ મસ્ત રહેવું તે ભક્તિયોગ છે. ભક્તિયોગથી જીવનનો સત્ય વિભાગ પ્રાપ્ત થાય છે. ઇંદ્રિયલાલસા અત્યંત કમી થઇ જાય છે. ચિત્તના સંયમદ્વારા આત્મસાક્ષાત્કાર કરવો એને રાજયોગ કહે છે. જ્ઞાનદ્વારા પરમાત્મા સાથે એકતા પ્રાપ્ત કરવી એ જ્ઞાનયોગ છે. જ્ઞાનયોગ યોગના ચારે પ્રકારોમાં સર્વથી ઉત્કૃષ્ટ છે. જ્ઞાનયોગથી જીવનના મહાન પ્રશ્નોનું યથાયોગ્ય સમાધાન થાય છે. દૃશ્ય જગતથી પર વસ્તુઓનુ પણ જ્ઞાન થાય છે. જ્ઞાનયોગ એ પરમાત્માનું વિશિષ્ટ જ્ઞાન છે. એથી ભૌતિક વસ્તુઓની કૃત્રિમતાનો આબેહુબ ભાસ થાય છે અને સંપૂર્ણ ત્યાગભાવ પરિણમે છે. યોગના ઇચ્છુકે પોતાની પરિસ્થિતિ અને વૃત્તિને અનુરૂપ યોગનો સર્વથી પ્રથમ સ્વીકાર કરવો એ ખાસ આવશ્યક છે. (ચાલુ)

---

પેલા નરસિંહની મધ્યરાત્રિની મુલાકાતનો ભેદ ન જણાયો, પણ જરા અનુમાન કરતાં એનો ઉકેલ સામે જ દેખાય તેવો છે. આઠ યુવકોને પીડવામાં એ રાત્રિની મુલાકાત જ નિમિત્તભૂત છે માણિકદેવે આગળ જોયું તેમ દેવીનો પરચો બેસાડવા મંદિરમાં થતી આવકમાંથી એક ગુંડાટોળી ઊભી કરી હતી. નરસિંહ એનો મુખી હતો. સ્વામીની આજ્ઞા થતાં જ એ ટોળી આઘુંપાછું જોયા વગર ઝંપલાવતી અને ધાર્યું કાર્ય પાર ઉતારતી. આવા છુપા કારસ્થાનની વિચારણા મુખ્ય રીતે માણિકદેવ અને નરસિંહ વચ્ચે પ્રથમ ગુપ્ત રીતે થતી. એ માટે મંદિરનું ભૂમિગૃહ ઠીક ઉપયોગમાં આવતું. ચાર કાનનો આ ભેદ આજ વર્ષો થયાં અંધારામાં રહ્યો હતો !

રાજપુત્રી મૃગાવતીની દશા તો અંતઃપુરમાં એક રાજકેદી જેવી થઇ પડી હતી. સખ્ત ચોકીપહેરા હેઠળ તેણીને રાખવામાં આવી હતી. નગરમાં કે માતાના મંદિરમાં શું ચાલી રહ્યું છે એની તેણીને કંઇ ખબર પડતી નહીં. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सुस्वागतम्

( સાક્ષરવર્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ તથા વિદ્વાન મુનિરાજશ્રી દર્શનવિજયજી ( ત્રિપુટી ) મહારાજ આદિ તા. ૩-૪-૪૩ ના રોજ શ્રી જૈન આત્માનંદ સભાએ પધારતા કવિશ્રી રેવાશંકરભાઈએ રચેલ નીચેનું સ્વાગતગીત ગાઈ સંભળાવ્યું હતું. )

દોહરા.

આંગણુલું ઉજ્જવળ કર્યું, સભા પ્રભામય આજ;
ભલે પધાર્યા ભાવથી, પુણ્યવિજય મહારાજ.
અમૃતનો વરસ્યો અહીં, વસંતમાં વરસાદ;
પુણ્યવંત પગલાં તણો, શ્રેષ્ઠ અનોખો સ્વાદ.
આત્માનંદ સભા તણો, ધન્ય દિવસ છે આજ;
સભા સહિત વંદન કરે, સભ્યો તણો સમાજ.

સવૈયા.

પુણ્યતણો જય છે સૌ સમરે, પુણ્યવિજયજી સાર્થક નામ;
આજ સુહાગણ સમ શોભે છે, સભાતણું આ ધાર્મિક ધામ.
પરિવ્રાજક છો સંતશિરોમણિ, વ્યાખ્યાને વાચસ્પતિરૂપ;
આત્માનંદ સભા વંદે છે, હૃદયે ભાવ ધરી જ અનુપ.
મહદ્ ગુરુવર તણી ત્રિપુટી, વિદ્યા-જ્ઞાન-તપે ભરપૂર;
જૈન શાસને આપ પ્રતાપે, નિર્મળ-નવલું ખીલ્યું નૂર.
ત્રિગુણાત્મક સમ પ્રૌઢ પ્રતાપે, જ્યાં ત્યાં પ્રગટી પુણ્ય પ્રભા;
આ ત્રિપુટીના ચરણકમળમાં, વંદે આત્માનંદ સભા.
હું બળવંતી દિવ્ય પ્રતાપી, આત્માનંદજીની આશ્રિત;
સૌભાગ્યે સુંદર શોભું છું, એ નામે અવલંબિત નિત્ય.
આજ તણો ઇતિહાસ લખું છું, દર્શન ત્રિપુટીનાં જ કરી;
ભલે પધાર્યા, હર્ષ વધાર્યા, સાલંકૃત કીધી જ ખરી.

દોહરા.

પૂજ્યપાદ્ કરુણાનિધિ, કાંતિવિજય સ્વર્ગસ્થ;
સંભારી સ્નેહે નમું, જોડી યુગલ જ હસ્ત.
દેવરૂપ એ ગુરુજીના, ગુણના પ્રગટ પ્રભાવ;
પુણ્યવિજયમાં પેખીને, પામી ઉત્તમ લ્હાવ.
સદાય રહેશે સ્મરણમાં, આજ તણો તહેવાર;
જૈન શાસને ત્રિપુટીથી, જ્યાં ત્યાં જય જયકાર.
ઓગણીસો નવાણુંનો, વસંત ફાલ્ગુન માસ;
કવિ રેવાશંકર લખે, ઉરમાં અતિ ઉલ્લાસ.

રચયિતાઃ—કવિ રેવાશંકર વાલજી બધેકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર અને સમાલોચના

**સટીક: તત્ત્વન્યાયવિભાકર:**-લેખકઃ આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ. આ. મહારાજ શ્રી વિજયલબ્ધિસૂરિજીએ રચેલ તત્ત્વન્યાયવિભાકર ગ્રંથ ટીકા સહિત અમોને અભિપ્રાય માટે મળેલ છે. આ ગ્રંથની ગણના એક અપૂર્વ ગ્રંથ તરીકે કરીએ તો તેમાં લેશ પણ અતિશયોક્તિ નથી. જૈન દર્શનના અભ્યાસી માટે આ એક અમૂલ્ય ગ્રંથ છે. ઉપરોક્ત ગ્રંથ ત્રણ વિભાગમાં વહેંચવામાં આવેલ છે. પહેલા વિભાગમાં સમ્યક્ત્વનું સ્વરૂપ બતાવી અને નવતત્ત્વની પ્રરુપણા કરી તાત્ત્વિક દૃષ્ટિએ વિદ્વત્તા ભરેલી ચર્ચા કરેલ છે. બીજા વિભાગમાં જ્ઞાનનું સ્વરૂપ આપવામાં આવેલ છે. ત્રીજા વિભાગમાં ચરણકરણાનુયોગ બતાવેલ છે. આવા અપૂર્વ ગ્રંથની રચના માટે આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિશ્વરજી મહારાજને અમારા હાર્દિક અભિનંદન છે; તેમજ આવા ગ્રંથરત્નથી જૈન સાહિત્ય વિશેષ સમૃદ્ધ થયું છે એમ અમો માનીએ છીએ. જૈન તથા જૈનેતર અભ્યાસીઓને આ ગ્રંથના અભ્યાસ માટેની અમારી નમ્ર સૂચના છે. કિંમત રૂા. ૫-૦-૦ પ્રકાશકઃ શ્રી લબ્ધિસૂરીશ્વર જૈન ગ્રંથમાળા-છાણી એ ઠેકાણેથી મળી શકશે.

---

**સદ્‌ગુણાનુરાગી શ્રી** કર્પૂરવિજયજી **"લેખસંગ્રહ ભાગ ૬ ઠ્ઠો"**-પ્રકાશકઃ શ્રી કર્પૂરવિજયજી સ્મારક સમિતિ. મુંબઇ.

ઉપરનું પુસ્તક સ્વર્ગસ્થ સદ્‌ગુણાનુરાગી મુનિ શ્રી કર્પૂરવિજયજીના 'લેખસંગ્રહ' રૂપે તેમના સ્મરણાર્થે પ્રગટ કરવામાં આવ્યું છે. શ્રી કર્પૂરવિજયજી ઉચ્ચ કોટિના આધ્યાત્મિક મુનિ-સાધુ હતા. તેમના સાદા પણ જ્ઞાન, ધ્યાન અને તપોમય જીવનમાં તેમણે લખેલા ઘણા લેખો અગાઉ પ્રસિદ્ધ થયા છે. પ્રસ્તુત 'લેખસંગ્રહ' ઉ. શ્રી યશોવિજયજી મહારાજકૃત 'જ્ઞાનસાર' નામના ગ્રંથ ઉપર તેમણે શબ્દાર્થ-વિવેચનરૂપે લેખો લખેલા તે એકઠા કરી આ 'લેખ સંગ્રહ' પ્રસિદ્ધ કરાએલ છે. 'જ્ઞાનસાર' જેવો મહત્ત્વનો ગ્રંથ સહેલાઇથી સમજવા માટે આ 'લેખસંગ્રહ' ઘણો ઉપયોગી થશે. લોકો તેનો વધુ ઉપયોગ કરી શકે તે માટે પુસ્તકના ૫૫૦ પાના હોવા છતાં તેની અર્ધી કિં. ફક્ત રૂા. ૦-૧૧-૦ રાખી છે. પુસ્તક મુંબઇ ઉપરાંત જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર પાસેથી મળી શકશે.

---

**શ્રી સ્વાધ્યાય પુષ્પમાળા**-સંપાદકઃ પૂ. મુનિરાજ શ્રી કનકવિજયજી મહારાજ. પ્રકાશકઃ આ. શ્રી વિજયદાનસૂરિ જૈન જ્ઞાનમંદિર-સાવરકુંડલા. (કાઠિયાવાડ)

ઉપરના પૉકેટ સાઇઝના પુસ્તકમાં પ્રકાશકના નિવેદન મુજબ જ આ. શ્રી હેમચંદ્રાચાર્યકૃત શ્રી યોગશાસ્ત્ર, ઉ. શ્રી યશોવિજયજીકૃત શ્રી જ્ઞાનસાર તથા આ. શ્રી હરિભદ્રસૂરિકૃત શ્રી અષ્ટક પ્રકરણ એ ત્રણ ગ્રંથો તેના અભ્યાસીઓ માટે મૂળ સંસ્કૃત ભાષામાં પ્રસિદ્ધ કરેલ છે. પુસ્તક ભેટ મળે છે.

---

**શ્રી જૈન નિત્ય પાઠ સંગ્રહ**-સંપાદકઃ સારાભાઈ મણિલાલ નવાબ. પ્રકાશકઃ શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર, પાયધુની, મુંબઇ ૩. કિં રૂા. ૦-૧૨-૦ પૉકેટ સાઇઝ પાના આશરે ૩૫૦.

ઉપરના પુસ્તકમાં તેના નામ પ્રમાણે ગુરુવંદન તથા ચૈત્યવંદન વિધિ, સ્નાત્રપૂજા, નવસ્મરણાદિ સ્તોત્રો, ગૌતમસ્વામીના રાસ તથા છંદો, પચ્ચક્ખાણો, શત્રુંજય વગેરે તીર્થોના સ્તવનો વગેરે નિત્ય પઠન કરવા યોગ્ય ઘણી ઉપયોગી બાબતોનો સમાવેશ કર્યો છે. પુસ્તકના પાકા પૂંઠાં અને સુંદર છપાઇ સાથે કવર ઉપર મંદિર સમક્ષ પૂજા-પઠન કરતા મનુષ્યનો બ્લૉક-ફોટો આપ્યો છે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ............વર્તમાન સમાચાર............

## પંજાબના વર્તમાન.

કસૂરથી પશ્ચિમ દિશામાં આવેલ બુધીઆના ગ્રામમાં પ્રાયઃ સાધુસાધ્વીઓનું આવાગમન કવચિત્ જ બને છે. આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ જૈનો ઉપરાંત સરદાર ગુરુદત્તસિંહજી આદિ અજૈન બંધુઓની વિનતિથી કસૂરથી પોષ વદિ સાતમે વિહાર કરી હઠીલપુર, થંભણા, ભંભા થઇ કોટ રાધાકૃષ્ણ પધાર્યા. અહીં બુધીઆનાના બે ઘરો અને ગુજરાંવાલાના માસ્ટર બાબુ જ્ઞાનચંદજી, બોધાનંદજી સ્વામી અને શીખ સરદારો વગેરેને સાથે લઇ માઇલ સુધી સામે આવી સ્વાગત કર્યું. બપોરે અને રાતના આત્મા, પરમાત્મા અને કર્મ વિષયમાં પ્રશ્નો કરી બોધાનંદજી આદિએ શંકાઓનું સમાધાન કર્યું. અહીં પોષ વદિ અગિયારસે વિહાર કરી સરદાર ગુરુદત્તસિંહજીની વિનંતીથી કોટકાલુસિંહ આહારપાણી કરી ચાર વાગે બુધીઆના પધાર્યા. આચાર્યશ્રીજીનું ભાવભીનું સ્વાગત કર્યું.

બુધીઆનામાં જૈનોના ફક્ત આઠ જ ઘર છે પણ વ્યાખ્યાનમાં લોકો ઘણા જ ઉમંગથી નિયમિત ૫૦૦–૬૦૦ ના પ્રમાણમાં લાભ લેતા હતા. ખેડુતવર્ગ પણ સારા પ્રમાણમાં લાભ લઇ શકે એટલા સારુ સમયજ્ઞ સૂરિજીશ્રી બપોરે બેથી ચાર સુધી મનુષ્યજન્મની સફળતા વિષયક વ્યાખ્યાન આપતા.

બુધીઆનાથી મહા સુદિ આઠમે વિહાર કરી આચાર્યશ્રીજી કોટકાલુસિંહ પધાર્યા હતા, સરદાર ગુરુદત્તસિંહજીએ સ્વાગત કર્યું હતું.

અહીંથી કોટ રાધાકૃષ્ણ પધાર્યા હતા. અગિયારસે વિહાર કર્યો; સ્વામી બોધાનંદજી, સરદાર ગુરુદત્તસિંહજી દૂર સુધી વળાવા આવ્યા. પાછા વળતી વખતે સ્વામી બોધાનંદજીએ આચાર્યશ્રીજીના ચરણોમાં મસ્તક ઝુકાવી આશીર્વાદ માગ્યો કે: "સ્વામીન્! મને એવો આશીર્વાદ આપો કે હું આપના ચરણોમાં રહી 'ષડ્દર્શનસમુચ્ચય' વાંચી શકું." ત્યાંથી વિહાર કરી આચાર્યશ્રીજી મહા શુદિ પ્રથમ તેરસે સાંજે કસૂર પધાર્યા. કસૂરથી વિહાર કરી જીરા પધાર્યા. જીરા શ્રી સંઘે ભાવભીનું સુંદર સ્વાગત કર્યું હતું.

આચાર્યશ્રીજીના સદુપદેશથી અને આ. શ્રી વિજયવિદ્યાસૂરિજી તથા મુનિશ્રી વિચારવિજયજીના પ્રયત્નથી જીરા સંઘમાં પરસ્પર વૈમનસ્ય હતું તે દૂર થયું અને શ્રી સંઘે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી ભગવાનના દેરાસરે નવો ધ્વજાદંડ ચઢાવવાનો તથા સ્વર્ગવાસી શ્રી ગુરુદેવ ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્વિજયાનંદસૂરીશ્વર( આત્મારામજી ) મહારાજની ચરણપાદુકા સમાધિમંદિરમાં સ્થાપન કરાવવાનો નિર્ણય કર્યો.

સ્વર્ગીય લાલા વધાવામલજીની પુત્રવધૂ જયકોરબેને ઉપાશ્રયના નીચેની પોતાની ત્રણ દુકાનો અને સ્વર્ગીય લાલા મેલામલજીની પુત્રવધૂ વિદ્યાવંતી બેને એક દુકાન ઉપાશ્રય માટે શ્રી સંઘને અર્પણ કરી ( દુકાનો ઉપરનો હૉલ જે હાલ ઉપાશ્રય તરીકે છે તે સ્વર્ગીય લાલા વધાવામલજીની ધર્મપત્ની શ્રી રાધાબાઇએ અર્પણ કરેલ તે જીર્ણ થઇ ગયેલ હોવા છતાં નીચેની દુકાનો ન મળવાથી શ્રી સંઘે કામ ન કરાવ્યું. હવે દુકાનો મળી જવાથી કામ થશે. ) આશા છે કે હવે જીરા શ્રી સંઘ ઉપાશ્રય જલ્દી તૈયાર કરાવશે.

અહીંથી બસીયા પધાર્યા. રાયકોટથી જૈન તથા અજૈન બંધુઓ દર્શનાર્થે આવ્યા. રાયકોટ આચાર્યશ્રીજીના સદુપદેશથી નવું ક્ષેત્ર બન્યું છે અને નવું દેરાસર બંધાઇ તૈયાર થયું છે જેની પ્રતિષ્ઠા વૈશાખ સુદિ છઠ્ઠની થવાની છે.

આ પ્રસંગે શીઆલકોટના તૈયાર થતા દેરા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સરમાં બિરાજમાન કરવા ચાર શાશ્વતા જિનેશ્વર દેવોના પ્રતિબિંબો અને બીજા આવશ્યક પ્રતિબિંબોની અંજનશલાકા આચાર્યશ્રીના વરદ હસ્તે અક્ષય તૃતીયાના શુભ દિવસે થશે. આ શુભ તકનો લાભ લઇ જે જે મહાનુભાવોને નવીન પ્રતિમાઓની અંજનશલાકા કરાવવાનો લાભ લેવો હોય તેઓએ સુખેથી રાયકોટ ચૈત્ર વદિ ૧૨ સુધીમાં પહોંચી જવું. અને લેખ જયપુર પંડિત ભગવાનદાસજી જૈનની મારફતે કોતરાવી લઈને આવવું, દિલ્હીથી ભટંડા લાઇન થઇ ફિરોજપુર છાવણી પહોંચી ગાડી બદલી જગરાવાં સ્ટેશને ઉતરવું. અહીંથી રાયકોટ પહોંચવા ટાંગા–એકા વગેરે સાધનો મળે છે.

અંજનશલાકા સંબંધી કોઇ પણ જાતનો નકરો વગેરે રાખવામાં આવેલ નથી, પોતાની ખુશીથી ભંડારમાં જે કંઇ આપવું હોય તે આપી શકાય છે.

રાયકોટ શ્રીસંઘની આગ્રહભરી વિનંતીને માન આપી રાયકોટ પધારતાં શ્રીસંઘે અને નગરનિવાસીઓએ ઘણા જ ઉત્સાહપૂર્વક અને સમારોહની સાથે નગરપ્રવેશ કરાવ્યો.

આચાર્યશ્રીજી શ્રી સુમતિનાથ સ્વામીજીના દર્શન કરી ઉપાશ્રયે પધારી પ્રતિષ્ઠાદિ વિષયક દેશના આપી માંગલિક સંભળાવ્યું હતું.

ગુજરાંવાલા ડેપ્યુટી સાહેબ લાલા બદ્રીદાસજી રાયસાહેબે આચાર્યશ્રીજીના દર્શનાર્થે આવી વ્યાખ્યાન આદિનો લાભ લીધો.

પત્રવ્યવહાર :

**મુ. રાયકોટ.** જી. લુધીઆના (પંજાબ),
શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય.

## ભાવનગર

આ સભાના પરમ ઉપકારી પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય પ્રવર્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજના વિદ્વાન પ્રશિષ્ય સાક્ષરવર્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ તથા વિદ્વાન મુનિરાજશ્રી દર્શનવિજયજી મહારાજ તથા મુનિશ્રી જ્ઞાનવિજયજી મહારાજ તથા મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજ તથા મુનિરાજશ્રી જિનભદ્રવિજયજી મહારાજ આદિ મુનિમહારાજાઓ પાલીતાણાથી વિહાર કરી વરતેજ પધારતા સભાસદ બંધુઓ તરફથી પૂજા ભણાવવામાં આવી હતી તથા જમણવાર કરવામાં આવ્યો હતો. ત્યાંથી વિહાર કરી ફાગણ વદિ ૯ ના રોજ દાદાવાડી પધાર્યા હતા. ફાગણ વદિ ૧૦ ના રોજ શ્રી સંઘ તરફથી ભાવભર્યું સામૈયું કરવામાં આવ્યા બાદ મારવાડીના વંડે પધાર્યા હતા. જ્યાં સ્થિરતા દરમિયાન ઘણા વિદ્વાન જૈન–જૈનેતર બંધુઓએ તેઓશ્રીની વિદ્વતાનો લાભ લીધો હતો.

ફા. વ. ૧૪ ના રોજ આ સભાની મુલાકાતે પધારતાં કવિશ્રી રેવાશંકરભાઇએ સ્વરચિત સ્વાગત ગીત ગાઈ સંભળાવ્યું હતું. (જે આ અંકમાં અન્ય સ્થળે આપવામાં આવેલ છે.) મહારાજશ્રીએ સભામાંની હસ્તલિખિત પ્રતો તથા લાયબ્રેરીની સુવ્યવસ્થા વગેરે જોઇ આનંદ પ્રદર્શિત કર્યો હતો.

ચૈત્ર શુદિ ૧ ના રોજ સાક્ષરવર્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ તથા વિદ્વાન મુનિરાજશ્રી દર્શનવિજયજી (ત્રિપુટી) મહારાજની અધ્યક્ષતામાં શ્રી બુટેરાવજી મહારાજશ્રીની જયંતી ઊજવવામાં આવી હતી જે પ્રસંગે સાક્ષરવર્ય મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ તથા પ્રસિદ્ધવક્તા મુનિશ્રી ન્યાયવિજયજી મહારાજે મહારાજશ્રીના પવિત્ર જીવન પરત્વે પોતાની સચોટ, ભાવવાહી અને વિનોદી શૈલીમાં વ્યાખ્યાન આપી સારો પ્રકાશ પાડ્યો હતો. બાદ અત્રેથી ચૈત્ર સુદ ૬ ના દિવસે વિહાર કરી વરતેજ પધારતાં સભાસદ બંધુઓ તરફથી પૂજા ભણાવવામાં આવી હતી તથા જમણવાર કરવામાં આવ્યો હતો.

## મુંબઇ

શ્રી આત્માનંદ જૈન સભા–મુંબઇએ પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય આચાર્ય મહારાજશ્રી આત્મારામજી મહારાજની જન્મજયંતી ચૈત્ર શુદિ ૧ ને દિવસે ઊજવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## 'શ્રી આત્માનંદ ગ્રંથરત્નમાળા' તરફથી નવા છપાતા અને છપાવવાના પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથો.

१ श्री कथारत्नकोश : श्री देवभद्रगणिकृत. ( मूल )
२ श्री प्राकृत व्याकरण ढुंढिका.
३ श्री त्रिषष्ठिश्लाका पुरुष चरित्र ( बीजुं, त्रीजुं, चोथुं पर्व. )

---

## 'શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા' તરફથી છપાતા ( ગુજરાતી ) ગ્રંથો.

૧ **શ્રી આદિનાથ ચરિત્ર**—( શ્રીમદ્ અમરસિંહસૂરિકૃત ) લગભગ ૫૦ ફોર્મ, ચારશેંહ પાનાનો દળદાર ગ્રંથ, વિવિધ સુશોભિત રંગીન ચિત્રો સાથે.

૨ **શ્રી જ્ઞાનપ્રદીપ** ( બોધસુધા સહિત )—( લે. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિ ) મનન કરવા લાયક, અનેક વિષયોથી ભરપૂર, સુંદર બાઇન્ડીંગ સાથે ૪૧૬ પાનાનો દળદાર ગ્રંથ.

---

## 'શ્રી મહાવીર ( પ્રભુ ) ચરિત્ર.'

૫૨૦ પાના, સુંદર ગુજરાતી અક્ષરો, ઊંચા કાગળો, સુંદર ફોટાઓ અને સુશોભિત કપડાનાં મનરંજન બાઈન્ડીંગથી અલંકૃત કરેલ ગ્રંથ આ સભા તરફથી પ્રગટ થયેલ છે. આ ગ્રંથમાં પ્રભુના સત્તાવીશ ભવનું વિસ્તારપૂર્વક વર્ણન, ચોમાસાનાં સ્થળો સાથેનું લંબાણથી વિવેચન, કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પૂર્વેના ત્રીશ વર્ષ પૂર્વેનું વિહારવર્ણન, સાડાબાર વર્ષ કરેલા તપનું વિસ્તારપૂર્વક વિવેચન, થયેલા ઉપસર્ગોનું ઘણું જ વિસ્તારપૂર્વક વિવેચન જેટલું આ ગ્રંથમાં આવેલું છે તેટલું કોઈના છપાવેલા બીજા ગ્રંથોમાં આવેલ નથી; કારણ કે કર્તા મહાપુરુષે કલ્પસૂત્ર, આગમો, ત્રિષષ્ઠિ વગેરે અનેક ગ્રંથોમાંથી દોહન કરી આ ચરિત્ર આટલું સુંદર રચનાપૂર્વક લંબાણથી લખ્યું છે. બીજા ગમે તેટલા લઘુ ગ્રંથો વાંચવાથી શ્રી મહાવીરજીવનનો સંપૂર્ણ ખ્યાલ આવી શકે નહિ, જેથી આ ગ્રંથ મંગાવવા અમો ખાસ ભલામણ કરીએ છીએ. આવા સુંદર અને વિસ્તારપૂર્વક ગ્રંથની અનેક નકલો ખપી ગઇ છે. હવે જૂજ બુકો સિલિકે છે. આવા ઉત્તમ, વિસ્તારપૂર્વકના વર્ણન સાથેના ગ્રંથ મોટો ખર્ચ કરી ફરી ફરી છપાવાતા નથી; જેથી આ લાભ ખાસ લેવા જેવો છે. કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ અલગ.

લખો—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

---

### શ્રી પ્રભાચંદ્રસૂરિવિરચિત-

## શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર ) ઐતિહાસિક ગ્રંથ.

આ એક ઐતિહાસિક કથા-સાહિત્યના ગ્રંથમાં વર્તમાનકાળના બાવીશ પ્રભાવક આચાર્યમહારાજના જીવન ઉપર કર્તા મહાપુરુષે સારો પ્રકાશ પાડ્યો છે. જે જે મહાન આચાર્યનો પરિચય આપ્યો છે, તેમાં તે સમયની સામાજિક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ, ઐતિહાસિક દૃષ્ટિએ આપી સુંદર ( ભાષાંતર ) પ્રમાણિક ઐતિહાસિક ગ્રંથ બનાવ્યો છે. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજે ઐતિહાસિક દૃષ્ટિએ સુંદર પર્યાલોચના લખી તે ગ્રંથની રચનામાં સુંદરતા વધારી પ્રમાણિક જૈન કથાસાહિત્યમાં ઉમેરો કર્યો છે. એવી સુંદર અને સરલતાપૂર્વક રચના કરેલ હોઇને આ ગ્રંથને અમુક અમુક જૈન શિક્ષણશાળાઓના ધાર્મિક અભ્યાસક્રમમાં સ્થાન મળેલ છે. આ ઉપયોગી સાહિત્ય ગ્રંથ હોવાથી વાંચતા પણ ખાસ આનંદ ઉત્પન્ન કરે તેવો છે. કિંમત રૂા. ૨-૮-૦ પોસ્ટેજ અલગ.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431


## શ્રી શ્રીપાળરાજાનો રાસ ( સચિત્ર )

એમ તો શ્રીપાલરાજાના રાસની ઘણી આવૃત્તિઓ આજ સુધીમાં જુદા જુદા પ્રકાશકોએ બહાર પાડી છે ! એ છતાં, અમારા તરફથી બહાર પડેલ રાસને શા માટે શ્રેષ્ઠ સ્થાન મળ્યું તે તમો જાણો છો ?

**આ રાસમાં** નવપદજી મહારાજનું યંત્ર ખૂબ શોધ કરીને રજૂ કરવામાં આવ્યું છે.

**આ રાસમાં** વાંચકોની સરળતા માટે, તેમ જ આકર્ષણ માટે ખાસ નવા ચિત્રો તૈયાર કરાવી મૂકવામાં આવેલ છે.

તેમજ

નવપદજી મહારાજની પૂજા, દોહા, નવપદજીની ઓળીની સંપૂર્ણ વિધિ, ઉપયોગી સંગ્રહ પણ આમાં રજૂ કરવામાં આવ્યો છે, એટલે નવપદજી મહારાજની ઓળીના આરાધન સમયે, આ એક જ રાસ દરેક જાતની સગવડ પૂરી પાડે છે.

શુદ્ધ અને સારો રાસ વસાવવાની ઇચ્છાવાળા દરેક કુટુંબમાં અમારા રાસને સ્થાન મળેલ છે. તમોએ જો આજ સુધીમાં આ રાસ ન વસાવ્યો હોય તો આજે જ મંગાવો. બીજા રાસાઓ કરતા આ રાસમાં ઘણી મહત્તા છે, અને એટલો જ તે આકર્ષક છે. મૂલ્ય પણ તેના પ્રમાણમાં નામનું જ છે.

**પાકું રેશમી પૂંઠું રૂા. ૨) : : પાકું ચાલુ પૂંઠું રૂા. ૧॥**

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

## કર્મગ્રંથ ભાગ ૧-૨ સંપૂર્ણ.

**પ્રથમ ભાગ સિલિકે નથી; બીજા ભાગની ઘણી જ થોડી નકલો સિલિકે રહી છે.**

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત-પ્રથમ ભાગ રૂા. ૨-૦-૦ ( સિલિકે નથી )**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪-૦-૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વતાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોશ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મ વિષયના મળતાં ગ્રંથો, છ કર્મ ગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઈંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. ( ફક્ત બીજો ભાગ સિલિકે હોવાથી ) બીજા ભાગની કિંમત રૂા. ૪-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**


( શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઈએ છાપ્યું—ભાવનગર. )

For Private And Personal Use Only